'ક્રાન્તિ'ધારીઓ કેવા જોઇએ ?

Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક પંદરમો
સોમવાર તા. ૧-૩-૩૭.

## ઘેલછાના પ્રતિબિંબ.

ચાલ ભાઇ ચાલ
હવે જલ્દી તું ચાલ—
મુક્તિના દ્વાર જો ! જો !
ખુલે તત્કાલ—ચાલ.

પાઠ શીખ્યા નવકાર તણા ને
લીધી બહુ બહુ બાધા
ઉપાશ્રયને આંગણુ ઘુમ્યા
તોયે દુઃખના દહાડા—ચાલ.

ધર્મ તણા છે શિક્ષણ મ્હોટા
તત્ત્વજ્ઞાનના દરીયા
જીવનની જંજાળો છોડી
ચાલો જઇએ તરવા—ચાલ.

મા પૂછે તો કહીશું જુઠું
મિત્રને મળવા જઇએ
પાંચ પચીસ દિન વીતિ જાતા
એ પણ થાકી જાશે—ચાલ.

તપ તપતા દુઃખ ગળતી કાયા
દુર્બળ બનતો દેહ
સુખ દુઃખ એવા સ્હેવા કરતાં
ઉત્તમ સાધુ વેશ—ચાલ.

જૈન જગતની ભૂમિ માંહી
પડતા સાધુ પાય
ધર્મી ઘેલા મેલા સહુના
પાપ હટે તત્કાળ—ચાલ.

શાસ્ત્ર વચનને નામે રાચી
કરશું જગ ઉપકાર
ધનિક ભગતના ભાન ભૂલાવી
ધાર્યું કરશું કામ—ચાલ.

દેવું મ્હોટું છોને માથે
એની શી પંચાત
લોકની સાથે એ લોકાના
ખુદદો થાશે ત્યાંજ—ચાલ.

સામે ચાલ્યું લશ્કર જો જો
જીતવા ચાલ્યું જંગ
ભવભવની આ ભાવઠ ભાંગે
એનો કરીએ સંગ—ચાલ.

વેળા ચૂક્યો જગ તું ચૂક્યો
નિરર્થક તુજ વૈરાગ્ય
વાત બધી આ ભૂલી જાતા
નાહક તું પસ્તાય—ચાલ.

—મંજુલકુમાર.

# તરુણ જૈન.

તા. ૧-૩-૩૭


## 'ક્રાન્તિ'ધારીઓ કેવા જોઇએ ?

**ક્રાન્તિનું બીજું નામ ફેરફારઃ પરિવર્તનઃ ઉથલપાથલ.**

અને એ સ્થિતિ ધર્મ, રાજ્ય કે સમાજશાસનના પુનર્વિધાન પહેલાં અનિવાર્ય છે. કારણ કે પ્રગતિશીલ વિચારો કે યોજનાઓ રજુ કરવામાં આવતાં પ્રત્યાઘાતીઓ ત્હેની સ્હામે મરણીયો પ્રયત્ન આદરવાના જ. અને એ પ્રયત્નોને તોડી પાડવા માટે નવવિધાયકોને જે ઉદ્દામ કાર્યક્રમ અમલમાં મુકવાની ફરજ પડે તેમાં તો કેવળ અશાન્તિને જ આમંત્રવાની હોય. એ સ્પષ્ટ હકીકત છે.

અને એ પણ નિર્વિવાદ છે કેઃ ક્રાન્તિની ચીનગારીઓ ઉડીઉડીને બીજાને દઝાડતી હોય ત્યારે 'ક્રાન્તિ અમર રહો' ના પોકારો પાડનાર નવસર્જકો જ્યારે એ ચીનગારીઓના પ્રતાપે દાવાનળ સળગે ત્યારે તેમનાં કપડાં દાઝી જાય કે તેમાંથી ઉડતા તણખા તેમના દેહને ડામી દેતો પણ 'ક્રાન્તિ અમર રહો' ના પોકાર સાથે ધ્યેય તરફ ધસ્યે જાય તો જ 'ક્રાન્તિ'ને શક્ય બનાવી શકે. 'ક્રાન્તિ'ની હવા પેદા કરવા માગનારે સ્વયં ફનાગીરી માટે તત્પર રહેવું પડે છે.

જૈન સમાજના ઉદ્ધાર અર્થે વર્ષો થયાં પ્રયત્ન કરતા આગેવાનો કે તેમના નેતૃત્વ નીચે ચાલતી સંસ્થાઓની પ્રવૃત્તિ સંબંધી કોઈપણ જાતની ટીકા કે ચર્ચા કર્યા શિવાય મૌન સેવવું એ ભલે ઉચિત હોય ! પરંતુ જેઓએ વર્ષો થયાં જાહેર કર્યું છે કેઃ 'યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.' અને અત્યારના 'ધર્મશાસન કે સમાજશાસનમાં પરિવર્તન થવું આવશ્યક છે' એવા યુવાન વર્ગે કે યુવક સંસ્થાઓએ તેમણે આદરેલી પ્રવૃત્તિઓનું સિંહાવલોકન કરી લેવું જરૂરી છે એમ કહેવું જરાય વધારે પડતું ન ગણાય.

યુવક પરિષદો અને સંમેલનો ભરાયાંઃ ખૂબ ખૂબ ભાષણો થયાઃ સમાજના વિકટ પ્રશ્નો છણ્યાઃ અને ઠરાવો પણ કર્યા. છતાં આપણે પ્રગતિ માર્ગે કેટલાં ડગલાં આગળ ગયા એ પ્રશ્નનો જવાબ આપણી પાસે છે ખરો ?

આપણી પાસે જવાબ ન હોય તેથી આજસુધીની પ્રવૃત્તિ અફળ ગઇ છે એમ કહેવાની મતલબ નથી. પરંતુ સમાજના 'અંધશ્રધ્ધાળુ' અને 'ગુલામ' માનસમાં ફટો નથી થયો એમ તો જરૂર કહી શકાય. જ્યાંસુધી આજ માનસમાં વિચાર ક્રાન્તિ ન થાય ત્યાંસુધી સમાજનવસર્જનની ભૂમિકા તૈયાર થઇ છે એમ કહી શકાય ખ ?

સમાજનું નવઘડતર કરતાં પહેલાં જીર્ણ દિવાલોને જમીનદોસ્ત કરવાનું અને તેમાં બાઝી ગયેલાં જાળાં ખરોને સાફ કરવાનું કાર્ય પણ નવસર્જકોએ જ કરવાનું હોય છે અને તેના માટે આગની ઉષ્ણતાઃ અને વંટોળીઆની ગતીઃ એ બંને જરૂરી છે. આપણો ભાવિ કાર્યક્રમ જે હો તે આ બાળ સમાજની પ્રત્યેક વ્યક્તિને સ્પર્શી શકે તેમાં ભરવાનું અને તેને સચેત બનાવી શકે તેટલી આ અને તેને વેગ આપવાનું કાર્ય યુવાન જગતને હેઆર આગેવાનોનું છે. એટલું યાદ રહે કેઃ સ્વયં ફનાગીની તૈયારી જ ક્રાન્તિને શક્ય બનાવશે. અન્યથા નહિ. અસ્તુ !

## સમાચાર.

—મહેસાણામાં શ્રી અમથાલાલ નગીનદાસ બાબરીયા તરફથી નવકારસી થયેલી તેમાં મહેસાણાના સંઘના તમામ સભ્યોએ કાંતા સંઘબહારના ભાઇઓ સાથે ઉત્સાહપૂર્વક જમણમાં ભાગ લીધો હતો. વિરોધપક્ષની વિરોધના તદ્દન નિષ્ફળ નિવડી હતી.

—શ્રી નગીનદાસ સ્મારક ફંડ કમીટિ તરફથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘને ડૉ. નગીનદાસનું તૈલચિત્ર સંઘની ઓફિસમાં ખુલુ મુકવા સારૂ ભેટ આપવા માંગણી કરેલી તેનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમિટીએ સહર્ષ સ્વીકાર કર્યો છે.

—શ્રી અમદાવાદ રાજા મહેતાની પોળમાં રહેતા એક ધની પુત્રીએ તેના માતપિતાની વિરૂદ્ધ જઇને પાડાપોળમાં રહેતા એક જૈન યુવક સાથે લગ્ન કર્યા છે, કન્યાના પિતાએ લગ્ન કાર યુવક સામે અપહરણનો કેસ કર્યાની ખબર મળી છે. અમદાવાદના રૂઢિચુસ્ત જૈનભાઇઓ કંઇક સમજે !

—ખંભાત આગળ શ્રી નેમિસૂરિ અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ ભેગા મળ્યા છે. સમાજની સળગતી સમસ્યાઓનો ઉકેલ કરવા તેઓ કાંઇ વિચારશે ખરા કે ?

—શ્રી મુંબઈ મહાસભા તરફની ટીકીટ ઉપર શ્રી ભવજી અરજણ ખીમજી ધી કાન્ડિયા કોટન મરચન્ટ તરફથી મુંબી ધારાસભામાં વગર હરિફાઇએ ચુંટાયા તે બદલ તેમને શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ તરફથી સરદાર વલ્લભભાઇના પ્રમુખપણા નીચે માનપત્ર આપ્યું હતું. એ મેળાવડામાં લગભગ ત્રણ હર પુરૂષો અને સન્નારીઓએ ભાગ લીધો હતો.

—શ્રી ચંદુલાલ સારાભાઇ મોદીએ બાઇ ગીરીના સ્મરણાર્થે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને રૂ. ૧૦૦૧નું દાન આપ્યું છે અને ડોનર તરીકે પોતાનું નામ નોંધાવ્યું છે,

## આપણું
# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

આજથી કેટલાંક વર્ષ પહેલાં આપણી સમાજમાં કેળવણીની મહત્તા ઓછી અંકાતી એટલે શિક્ષણનું મહત્ત્વ વિસરાઇ ગયું હતું. જીવનની જરૂરીઆત માત્ર પૈસા કમાવવામાં અને જીવનના સામાજીક વહેવારમાં જ સમાઇ ગયેલી જણાતી. આવી સ્થિતિમાં આપણી સમાજ પ્રગતિના પંથે ધપતી અન્ય સમાજો સાથે પોતાનું સ્થાન ટકાવી શકશે કે નહિ એ પ્રશ્ન સમાજના કેટલાક આગેવાનોના મનમાં રમણ કરી રહ્યો હતો.

આ જ અરસામાં મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી (હાલમાં આચાર્ય)નું ચાતુર્માસ મુંબઇ શહેરમાં થયું. એઓને દેશ પરદેશની હવા સ્પર્શેલ એટલે કેળવણીના હિતાહિતનો આંક મૂકી શકતા. તેમણે ચાતુર્માસ દરમ્યાન ઉચ્ચ પ્રકારની કેળવણી લઇને ધર્મના દૃઢ સંસ્કાર સાથે કોમનું ને દેશનું હિત હૈડે ધરે એવા યુવાનો ઉત્પન્ન કરવાની યોજનાનો પ્રચાર કર્યો તેની જૈન સમાજ પર સુંદર અસર થઇ, અને કેટલાક ગૃહસ્થોએ 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' એ નામની એક સંસ્થા સંવત્ ૧૯૭૦ના ફાગણ શુદ ૫ ના રોજ સ્થાપી. આ દિવસ મુંબઇના જૈન ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે. પહેલાં તો વિદ્યાલયને પુના જેવા સ્થળે રાખવાનું નક્કી કરવામાં આવેલું પરંતુ પાછળથી મુંબઇ રાખવાનો જ નિશ્ચય થયો.

સં. ૧૯૭૦ના ફાગણ શુદ ૫ ના રોજ આ સંસ્થાએ પ્રકાશ નિહાળ્યો. એનું કાર્ય ચલાવવા કામચલાઉ નવ સભ્યોની સમિતિ નિમાઇ. સંસ્થા દરેકનો પૂર્ણ સહકાર મેળવી શકે, સૌ લાભ લઇ શકે એથી દરવર્ષે દશવર્ષ સુધી ઓછામાં ઓછા વાર્ષિક રૂ. ૫૧) આપનારને સભ્ય બનાવવા એવું નક્કી કર્યું. પહેલે વર્ષે યોજના મુજબ રૂ. ૮૬૪૬) વસુલ થયા ને તા. ૧૮–૬–૧૯૧૫ ના રોજ ભાયખલા લવલેનમાં સંસ્થાની સ્થાપના થઇ ને શરૂઆતમાં ૧૮ વિદ્યાર્થી દાખલ થયા.

જુનું મકાન વધુ સગવડભર્યું ન જણાવાથી સંસ્થાને લેમિંગ્ટન રોડ પર લઇ જવામાં આવી હતી. આજ મકાનમાં એક ન્હાના દહેરાસરની સ્થાપના કરવામાં આવી કે જેથી કરીને વિદ્યાર્થીઓમાં ધર્મ પ્રત્યેનું ગૌરવ આવે, સાથે સાથે ઉચ્ચ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપવાનો પણ પ્રબંધ કરવામાં આવ્યો, અને હજી આજે પણ એ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે.

સંસ્થાની મહત્તા જૈન સમાજને સમજાઇ, વિદ્યાર્થીઓની સંખ્યા ને લવાજમની આવક વધી એટલે સંસ્થાને વધુ પ્રગતિમાન બનાવવા માટે તેમજ તેની વ્યવસ્થા મોટા પાયા પર લઇ જવા માટે એને ઘરના મકાનની જરૂર જણાઇ ને મકાનફંડની યોજના નક્કી કરવામાં આવી. તે અરસામાં મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી. પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીનું ચાતુર્માસ મુંબઇમાં હોવાથી તેમના ને શેઠ દેવકરણ મુળજીના સતત પરિશ્રમે મકાન ફંડમાં રૂ. ૧૩૩૦૦૦) ભરાયા ને તેમાંથી લગભગ લાખ વસુલ થયા.

આવી સુંદર શરૂઆતના પરિણામે ગોવાળીયા ટેન્ક પર રૂ. ૧૪૮૦૦૦) માં ચાર મકાનો ખરીદવામાં આવ્યા. એ પછી સંસ્થાએ ચોથા વર્ષમાં એજ સ્થળે પાંચમા મકાનની રૂ. ૪૨૦૦૦)માં ખરીદ કરી પાંચ મકાનનું ઝુમખું મેળવ્યું. આ વર્ષનો વધારે નોંધવા લાયક બનાવ એ પણ હતો કે સંસ્થાએ પહેલીજ વાર એક વિદ્યાર્થીને યુરોપ ફોરેસ્ટ્રીના અભ્યાસ અર્થે મોકલ્યો.

ઘરનાં મકાન થતાં સંસ્થા લેમિંગ્ટનરોડ પરથી ગોવાળીયા ટેન્ક પર મંગળ ચોઘડીએ દાખલ થઇ. એણે એની પ્રગતિનો પંથ કાપવા માંડ્યો. વિદ્યાર્થીઓની સંખ્યા વધવા માંડી. પરદેશ પણ વિદ્યાર્થીઓને લોન આપી મોકલવાનું નક્કી કરવામાં આવ્યું અને કેટલાકને મોકલવા પણ ખરા જેને પહોંચી વળવા શ્રી મહાવીર લોન ફંડ સ્થપાયું. અને તેમાં બાબુસાહેબ જીવણલાલ પનાલાલે રૂ. ૬૦૦૦) ભરી શુભ શરૂઆત કરી. આજે એ ફંડ રૂ. ૮૪૪૯૯)નું થવા જાય છે. જેના પરિણામે આજસુધી અભ્યાસ અંગે ૭–૮ વિદ્યાર્થીઓને પરદેશ મોકલવામાં આવ્યા છે.

જુના મકાનોમાંથી ભવ્ય મકાન સરજાવવા ફંડની શરૂઆત થઇ ને તા. ૧૩–૧૧–૨૨ના રોજ શેઠ દેવકરણ મુળજીના શુભહસ્તે નવા મકાનનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું ને બાંધકામના ખર્ચ માટે શેઠ દેવકરણ મુળજી તેમજ શેઠ મોતીલાલ મુળજી તરફથી લોન ધીરવામાં આવી અને વિદ્યાર્થીઓની જરૂરીયાતને પહોંચી વળે તેવું ભવ્ય મકાન, કુશાદે હૉલ અને અલાયદા જિનાલય સાથે મકાન તૈયાર થયું. જે તા. ૩–૧૦–૨૫ ના રોજ ખુલ્લુ મુકાયું.

સંસ્થાનું કામ ફૂદકે ને ભુસકે આગળ વધવા માંડ્યું. તેને નવી નવી મદદો મળવા લાગી. વિદ્યાર્થીઓ ધાર્મિક ને યુનિવર્સિટીના અભ્યાસમાં પ્રગતિ કરવા લાગ્યા. તેની પ્રગતિ રૂપી કુચ આગળ ધપાવવા કાર્યવાહકો ખંતથી કાર્ય કરી રહ્યા હતા. સંસ્થાની પ્રતિષ્ઠા સમાજમાં વધી રહી હતી તે અરસામાં વિઘ્ન સંતોષીઓનાં પેટમાં કંઇક થયું ને સંસ્થાને ઉથેડી નાખવા કાવતું ગોઠવાયું. તેના મુખ્યપાત્ર તરીકે તે વખતે ગોડીજીના ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલ મુનિ ખાંતિવિજયે આગેવાની લીધી. નિમિત્ત ડોકટરી લાઇન આગળ કરી દેડકા પ્રકરણ ઉપાડ્યું. જડસુઓએ સંસ્થાને તોડવા અનેક મોરચા બાંધ્યા; ઉપરે મહાવીર નામ બદલવાની વાયડી વાતો આદરી છતાં આખરે પાછા પડ્યા ને સંસ્થાને વધુ મજબુત કરવા શેઠ વાડીલાલ સારાભાઇએ રૂપીયા એક લાખ જેવી ઉમદા રકમ સંસ્થાને ચરણે ધરી સંસ્થાને મજબુત બનાવી. આથી સંસ્થા કે જે દેવામાં હતી તે ઋણમાંથી મુકત થઇ અને વિદ્યાર્થીગૃહ સાથે તે સખી ગૃહસ્થનું નામ જોડ્યું.

આજે સંસ્થાનું ૨૨ મું વર્ષ ચાલે છે. તેણે અત્યારસુધીમાં ૧૮૨ ગ્રેજ્યુએટો ઉત્પન્ન કર્યાં છે. અનેકને વધુ શિક્ષણ માટે લોનો

આપી ઇંગ્લંડ, જર્મની ને અમેરિકા મોકલ્યા છે, તે ઉપરાંત ધાર્મિક શિક્ષણ આપી કલકત્તા બનારસ વિગેરેની ગવર્નમેન્ટ સંસ્કૃત પરીક્ષા માટે પણ મોકલવામાં આવ્યા છે. ગત વર્ષની આખર સુધી લગભગ ૬૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. આજે સંસ્થામાં ૧૧૧ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે.

આ ઉપરથી એમ કહેવું પડશે કે સંસ્થાએ સુંદર પ્રગતિ કરી સમાજની કિંમતી સેવા બજાવી છે.

સમાજ ને દેશની ઉન્નતિનો મુખ્ય આધાર કેળવણી છે. કેળવાયેલ યુવાન ને યુવતિઓ જ સમાજને ઉન્નત કરી શકશે. તેના સાચા રાહબર તરીકે પણ એજ કામ લાગશે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આપણી સમાજને સમૃદ્ધ બનાવવા માટે, તેના કુરિવાજોને ટાળવા માટે, સમાજની બદીઓનો નાશ કરી તેમાં સારા તત્વો આમેજ કરવા માટે અનેક રીતે સીધો કે આડકતરો ફાળો આપ્યો છે. ને સમાજે સંસ્થાને અપનાવી પોતાની બનાવી લીધી છે.

સંસ્થાના મંત્રીઓ તરીકે શ્રીયુત મોતીચંદ ગીરધર કાપડીઆ અને શ્રી ચંદુલાલ સારાભાઇ મોદી પ્રશંસનીય સેવા કરી રહ્યા છે. શ્રી કાપડીઆએ પ્રથમથીજ આ સંસ્થાને માતબર, ઉપયોગી ને કિંમતી બનાવવા પોતાની બનતી મદદો આપી સેવાભાવનો જે ઉમદો દાખલો બેસાડયો છે તે બીજાઓને ઉપયોગી થઇ પડશે.

શ્રી વિદ્યાલયને સોસાયટીના કાયદા મુજબ રજીસ્ટર પણ કરવામાં આવી છે. સંસ્થાએ પુસ્તકાલયમાં સુંદર સંગ્રહ કર્યો છે તેમાં ધાર્મિક સાહિત્યનો પણ વિપુલ સંગ્રહ છે. આ સિવાય અન્ય પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ તરફથી 'સ્ટુડન્ટ્સ યુનિયન' સ્થાપવામાં આવ્યું છે. આ યુનિયનના આશ્રય નીચે અવાર નવાર ચર્ચાઓ, પ્રસંગોચિત ઇતર વિદ્વાનોના ભાષણો, દેશનેતાઓના વ્યાખ્યાનો, રમત ગમત, વ્યાયામ, મુસાફરી વગેરે ગોઠવણ પણ સંસ્થામાં કરવામાં આવે છે.

વિદ્યાર્થી માત્ર અભ્યાસનો કીડો જ ન રહે પરંતુ સમાજ અને દેશને પણ લાભકર્તા થઇ પડે એવી જાતનું વાતાવરણ સરજાવવા આ સંસ્થાએ પ્રયત્નો આદર્યા છે. ગઇ લડતમાં પણ જે વિદ્યાર્થીઓ જોડાવવા માગતા હતા તેમને સંસ્થાએ સગવડો પણ કરી આપી છે. સ્વદેશી વસ્ત્રો તેમજ રાજકીય વિષયને ચર્ચતા વ્યાખ્યાનો ને ચર્ચાઓ ગોઠવી વિદ્યાર્થીઓમાં દેશ પ્રેમ વધુ ખીલે એવા શુભ પ્રયત્નો પણ ચાલુ જ છે.

આ સંસ્થાને અંગે અનેક વિદ્યાપ્રેમી જૈનગૃહસ્થોએ જુદા જુદા ખાતાઓમાં હજારોની શરતી રકમોથી એકત્ર થયેલાં ફંડોમાં શ્રી સારાભાઇ મગનભાઇ મોદી લોન ફંડ, શ્રી મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ, શ્રી ઉત્તમભાઇ રણછોડભાઇ ટ્રસ્ટ ફંડ વિગેરે મળી લગભગ તેર ફંડો છે. આ ફંડોની વ્યવસ્થા દાન આપનાર ગૃહસ્થની યોજના મુજબ કરાય છે.

સંસ્થા પાસે પોતાની માલિકીના મકાન, જુદા જુદા ખાતાનાં ટ્રસ્ટ ફંડો વિગેરે મિલ્કત ગણીએ તો ગણાય. પણ આવી ઉપયોગી કલ્પવૃક્ષ સમાન સંસ્થાનું સ્થાયી ફંડ જોતાં તો નિરાશ થવું પડશે. આવી ઉપયોગી સંસ્થા પાસે જ્યારે લાખોનું સ્થાયી ફંડ હોય તો ? કન્યા વિદ્યાલય સ્થપાય. કોલેજ સ્થપાય. કેળવણીને લગતી અનેક પ્રવૃત્તિઓ પોષાય. આખરે આ સંસ્થાને જૈનકોમની કેળવણીનું કેન્દ્રસ્થાન બનાવવા જૈન સમાજના ધનિકો વિચાર કરશે અને સંસ્થાને છુટે હાથે નાણાંની મદદ કરી ફરજ અદા કરશે.

# ભિતરનું માનસ.

જૈન સમાજની પુનર્ઘટનામાં કયા પ્રશ્નો સમાઇ શકે ? એનો સ્વાભાવિક વિચાર કરવામાં આવે તો પણ આપણા મગજમાં અનેક પ્રશ્નો ઉદ્ભવ પામે, સમાજની સાચી પરિસ્થિતિથી વાકેફ થનાર કોઇપણ હૃદય એટલું તો કબુલ કરશે જ કે અત્યારનો દેશકાળ જોતાં સમાજમાં અનેક સુધારાની જરૂર છે. વડીલોની ગરેડમાં સમાજ લાંબો વખત હવે નભી શકે તેમ નથી. તો પછી તેમાં વિલંબ કરવાથી ફાયદો શો હશે ? પણ ખરી વાત તદ્દન જુદીજ છે. સુધારાને અવકાશ છે એમ સૌ કોઇ સ્વીકારે છે પણ તે પોતાને ત્યાં નહિ પારકે ઘેર. અને કોકડું વધુ ગુંચવાય છે તેનું મુખ્ય કારણ આ છે. "નવયુગનો જૈન" ના કર્તાએ સમાજની ગુંચ ઉકેલવાને માટે એવી સુંદર યોજના બતાવી છે કે જેનો સત્વર અમલ થાય તો જૈન જગત આજે પ્રગતિવાદી રાષ્ટ્રોની હરોળમાં મોખરે સ્થાન ભોગવે. સમાજ ક્રાન્તિના મૌલિક, પ્રખર અભ્યાસી અને યુવાનોના આદર્શ પ્રિય નેતા શ્રી પરમાનંદભાઇના વિચારો પણ તેટલા જ જવલંત છે. રાષ્ટ્રવાદના નેજા નીચે ભારતવર્ષના પ્રત્યેક ધર્મો એકતા સાધી શકે છે, તો પછી જૈન જગત તેમાંથી શાને અલગ રહે ? વંશપરંપરા ચાલ્યા આવતા વારસાઇ હક્કો જો આજે સુરક્ષિત નથી તો પછી પ્રાચીન પ્રણાલિકાઓ કે જેનું મહત્વ આજે જણાતું નથી તેમાં પરિવર્તન શા માટે ન થાય ? પણ વસ્તુસ્થિતિ જે પ્રકારે છે તેથી જુદુંજ આપણા અધિકારીઓ આપણને સમજાવી રહ્યા છે અને આપણી પ્રગતિની પીછે હઠ પણ તેનેજ આભારી છે.

—રમણિક ધીઆ.

(એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા—પૃષ્ઠ. ૧૨૪ નું ચાલુ)

| | | |
|---|---|---|
| ૬ | પિટ્સબર્ગ ખાતેનું કાર્નેગી ઇન્સ્ટીટ્યુટ (કાર્નેગી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી માટેના ૧૩૫૩૧૪૩૪ ડોલર સાથે.) | ૨૬,૭૧૯,૩૮૦ |
| ૭ | વોશિંગ્ટન ખાતેનું કાર્નેગી ઇન્સ્ટીટ્યુશન. | ૨૨,૩૦૦,૦૦૦ |
| ૮ | કાર્નેગી હીરો ફંડ. | ૧૦,૫૪૦,૦૦૦ |
| ૯ | કાર્નેગી એન્ડાઉમેંટ ફોર ઇન્ટર નેશનલ પીસ (સુલેહના કાર્ય માટેનું ફંડ) | ૧૦,૦૦૦,૦૦૦ |
| ૧૦ | સ્કોટિશ યુનિવર્સિટી ટ્રસ્ટ ફંડ | ૧૦,૦૦૦,૦૦૦ |
| ૧૧ | યુનાઇટેડ કિંગ્ડમ ટ્રસ્ટ ફંડ | ૧૦,૦૦૦,૦૦૦ |
| ૧૨ | સ્ટીલ વર્કસ પેન્શન્સ | ૪,૦૦૦,૦૦૦ |
| ૧૩ | ડન્ફર્મ લાઇન ટ્રસ્ટ | ૩,૭૫૦,૦૦૦ |
| ૧૪ | ચર્ચપીસ યુનિયન | ૨,૦૨૫,૦૦૦ |
| ૧૫ | હેગપીસ પેલેસ (સુલેહ મંદિર) | ૧,૫૦૦,૦૦૦ |
| ૧૬ | ઓકેડ, હોમસ્ટેડ અને ડુકેસ્ની ખાતેના ઇન્સ્ટીટ્યુટ માટેની રકમો. | ૧,૦૦૦,૦૦૦ |
| ૧૭ | ઇન્ટરનેશનલ બ્યુરો ઓફ અમેરિકન રિપબ્લિક્સ | ૮૫૦,૦૦૦ |
| ૧૮ | એન્જીનીઅરીંગ બિલ્ડીંગ. | ૫૦૦,૦૦૦ |

—ચાલુ.

# તરુણ પ્રજા અને ધર્મ મંદિર.

: લેખક :
શ્રી ધૂમકેતુ.

જગતનો ઇતિહાસ એ વારંવાર બનતી ઘટનાનો પુનઃ પુનઃ લખાતો, સત્ય વિષેનો અમર લેખ છે. આર્ય સંસ્કૃતિની એક વિશેષ ખૂબી એ ગણી શકાય કે એમાં વાતાવરણને સ્થાન છે. એટલે કે એને જેટલી શ્રદ્ધા દશ્ય પર છે તેટલી જ અદશ્ય પર પણ છે. તે વાતાવરણ પર રચાયેલી છે. પ્રજાના એ જાતના નૈસર્ગિક ગુણ પર ટકેલી છે. એ કેળવણી નથી, કલા છે. આપેલ નથી, જન્મેલ છે. લીધેલ નથી, વંશપરંપરા ઉતરેલ છે. પ્રજામાં એ ઔષધ રૂપે નથી, લોહી રૂપે છે. પરંતુ સંસ્કૃતિ એટલે અસાધારણ પ્રતિભાશાળી પુરુષોની નૈસર્ગિક અને તેથી સાદી, છતાં ભવ્ય, અને સત્ય છતાં પ્રિય, રસમય જીવનકલા. સંસ્થા પોતે જડ વસ્તુ છે. એમાં અદ્ભુત વ્યક્તિ દ્વારા ચૈતન્ય પ્રગટ થાય છે, અને એટલા માટે, સંસ્થા વ્યક્તિના મૃત્યુ સાથે મૃત્યુ પામે છે.

પણ આર્યસંસ્કૃતિ એ પ્રજાજીવ સંસ્થા નહિ પણ પ્રજાજીવ વ્યક્તિ હતીઃ પ્રજાએ સમજીને નસેનસમાં ઉતારેલી જીવનકલા હતી. છતાં જ્યારે એ સંસ્કૃતિને હમેશનો પ્રકાશ આપે તેવી જ્વલંત મૂર્તિઓ, એક પછી એક અદશ્ય થઇ, ત્યારે પ્રજાની રગરગમાં ઉતરેલ આ જીવનકલા રહી ખરી, પરંતુ સ્ફુલિંગ રૂપે ક્યારેક પ્રકાશતા તણખા પેઠે લોહીમાં ઉતરેલ હોવાથી, આર્ય સંસ્કૃતિનું પરિણામ વર્ષો ગયાં છતાં, ક્યારેય સંપૂર્ણ નાશ ન જ પામ્યું અને પુનઃ પુનઃ નવચેતન પામી ફરી ઉદય પામ્યું. સંસ્કૃતિની સમૃદ્ધિ કોઇ પણ પ્રજાએ આટલા વૈજ્ઞાનિક બળથી જાળવેલી જાણમાં નથી. કાલીદાસ પછી આજ હજાર વર્ષે હિંદુસ્તાને બીજો કાલીદાસ મેળવ્યો છે, હજી બીજો શેક્સપિયર જન્મ્યો નથીઃ હજી બીજો ગેટી નથીઃ હજી બીજો ડાન્ટે નથી. આ ઘટના શું દર્શાવે છે? સંસ્કૃતિ જાળવી રાખવાની આર્યપ્રણાલિકા, બીજા વધારે સારા શબ્દને અભાવે કહીએ કે આ 'વૈજ્ઞાનિક' છે. ને તેથી જ્યારે આજે વર્ષો થયાં હિંદ દુનિયાને ચરવાનો વાડો બન્યું છે, છતાં એ ગરીબીમાં આ લોહીનો જ્વલંત સ્ફુલિંગ, જ્વાળામુખી તોડી અગ્નિ ઉડી નીકળે તેમ, આટલી પરાધિનતા વચ્ચે ભભૂકી ઉઠે છે. પરંતુ આ વ્યવસ્થા છતાં, આર્ય સંસ્કૃતિના અનેક રૂપો મૂળ પંથમાંથી દૂર ખસ્યાં છે, આજે આપણે ધર્મમંદિરની તપાસ કરવી છે. કલામંદિર, સાહિત્યમંદિર, અને રસમંદિર સર્વ વિભાગો જો કે વ્યાધિથી ઘેરાયલા છે, છતાં આર્યસંસ્કૃતિનો મૂળ મહત્વનો પ્રદેશ ધર્મમંદિર છે. સંસ્થા, વ્યક્તિના મૃત્યુ પછી, ચાલતા પ્રવાહને બદલે ખાબોચિયું બને છે. અને તેથી એનામાં અનેક વિકારી તત્ત્વો આવે છે. ધર્મમંદિરની આજે એ અવસ્થા છે. જે જ્વલંત પ્રાચીન મૂર્તિઓએ ધાર્મિક વાતાવરણને પવિત્ર અને શાંત બનાવી રાખ્યું હતું, તે મૂર્તિઓ અદશ્ય થઇ. જે ધાર્મિક વાતાવરણથી હિંદ પ્રકાશ્યું હતું, તે જ વાતાવરણથી એનો નાશ થયો. વાતાવરણ બરાબર ન હતું અને એનો મૂળ ઉદ્દેશ ભુલાઇ ગયો હતો અને એટલા માટે હાલનું આપણું ધર્મમંદિર એ વિચાર વિનાનો આચાર છે; જાણે આત્મ વિનાનો દેહ. આપણે એમ કહી શકીએ કે આપણા ધર્મમાં હવે વાતાવરણ નથીઃ શ્રદ્ધા નથીઃ લાગણી નથી. દંભ છે; અનુકરણ છેઃ મોહ છે. અત્યારનો ધર્મ જેટલી વહેલી પરિશુદ્ધિ પામે તેટલી વહેલી આપણી પ્રગતિ થાય. અત્યારનાં 'વેવલાં વેવલી' સૂર્યોદય પહેલાં 'જે જે' કરતાં દોડે છે, એ શ્રદ્ધા નથી. એ ધર્મ નથીઃ આળસને ધર્મ માનવાની ફેશન છે અથવા ગાડરિયો પ્રવાહ છે.

ધર્મના આ સ્વરૂપની પાછળ સમાજે પોતાનું સર્વથી મહત્વનું અંગ 'સ્ત્રી' હોમી છે! આ ધાર્મિક આચારમાં સ્ત્રીઓએ પોતાનો કલારસિક સ્વભાવ ગુમાવ્યો છેઃ પુરુષોએ સ્ત્રીસમાજ તરફનું માન ગુમાવ્યું છે અને બાળકોએ ધર્મ માટેનાં સાચાં આંસુ ગુમાવ્યા છે! જ્યાં દરેક ગૃહ મંદિર હતું ત્યાં આજે ઘણાં મંદિરો વેશ્યાગૃહ પોષે છે! જ્યાં દરેક ઘરનો ખૂણો સાચી પવિત્રતાથી ભર્યો હતો કે, જે ખૂણામાં ઘરનું દરેક માણસ સાચાં આંસુ પાડી શ્રદ્ધાથી આકાશ સામે જોઇ આશ્વાસન મેળવી શકતું, ત્યાં સમાજે આચારની પાછળ ધર્મને હોમી, માત્ર દરેક ઘરને જ નહિ પરંતુ દરેક મનુષ્યને પણ ધર્મની મશ્કરી કરતો બનાવ્યો છે! શ્રદ્ધા માટે મનુષ્ય મરે છેઃ લાગણીથી મનુષ્ય રડે છેઃ અને આશાથી મનુષ્ય આશ્વાસન પામે છે. ધર્મનાં આ ત્રણે મૂળતત્ત્વો આજે નાશ પામ્યાં છે આજે મૂળમાંથી સડેલું ધર્મવૃક્ષ પાને પાન ખોટા આચારથી ભર્યું છે.

અને આનો ઉપાય ?

એક જ. તરુણ પ્રજાએ આ ધાર્મિક સ્તંભો પર અવશ્ય હલ્લો કરવો રહ્યો. શાસ્ત્રીબાવાઓ પુકારશે કે સનાતન ધર્મ નાશ પામે છેઃ પરંતુ સનાતન ધર્મ કોઇ પણ દિવસ માત્ર રૂઢિમય વાતાવરણમાં જન્મ્યો નથી અને જન્મી શકે નહિ. સનાતન ધર્મના બહાના નીચે આપણે ત્યાં ત્રણ સંસ્થાઓ નભી રહી છે. બાળલગ્નની સંસ્થા, વિધવામંદિર અને જ્ઞાતીય દ્વેષ. એ ત્રણ સ્તંભો પર જે ધર્મ ટકે તે ધર્મ જો સનાતન હોય તો બહેતર છે કે એ સનાતન ધર્મને તિલાંજલિ દેવી! સમાજે બાળલગ્ન એટલાં જ માટે ટકાવ્યાં છે કે; ધાર્મિક આચાર સ્ત્રીની ઉમ્મર બાર વર્ષથી ન વધવાની આજ્ઞા કરે છે. આ બાળલગ્ન સંસ્થા દરવર્ષે સંખ્યાબંધ વિધવાઓને વિધવામંદિરમાં મોકલે છેઃ એ વિધવાઓ સમાજને ભ્રષ્ટ કરે છેઃ પોતે ભ્રષ્ટ થાય છે. અને વસ્તુતઃ આપણે ત્યાં આ વિધવાઓ જે પુરુષવર્ગને પોષે છે તે પુરુષવર્ગ—આપણા સાધુ બાવા આચાર્યો ને [illegible] સદ્‌ગુરુ યોગીઓ છે. યુરોપમાં વેશ્યાભવન છે; આપણે ત્યાં પુરુષભવન છે. સ્ત્રીઓએ પોષેલી એ સંસ્થાને ધાર્મિક નામે ઓળખાવાય છેઃ ત્યાં ધર્મનાં બધા આડંબર જણાવાય છે, અને છતાં મનુષ્ય ત્યાં પોતાનો ધર્મ છે, એમ કહીને જેટલો દુષ્ટ બને છે, તેટલો દારૂ પીવાથી બનતો નથીઃ તેટલો વેશ્યા વિહારથી બનતો નથી. કારણ કે ત્યાં તે અધર્મ તરફ દોડે છેઃ એ જાણે છેઃ ત્યાં પશ્ચાત્તાપનો માર્ગ છે, જ્યારે અહીંયા એ અંધશ્રદ્ધામાં ડૂબેલ આત્મઘાતી છે!

હવે તરૂણ પ્રજાની સમક્ષ આ ધર્મમંદિરનો ગૂઢ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ વિષયમાં તરૂણ પ્રજાનું સાહસ એ કર્તવ્ય છે. આપણે સુધાર કર્યું—પરંતુ ધર્મના આચારવિચારનો ભેદ ન સમજીએ એટલા નહિ. આપણે ધર્મના નામે રાષ્ટ્રવિકાસ ચૂક્યા છીએ; જાતીય દ્વેષ ઉત્પન્ન કર્યો છે, વિવિધતાને નામે કલહ પેદા કર્યો છે. મંદિરોને નામે પ્રગતિ અટકાવી છે. ધર્મને બહાને અધર્મ ચલાવ્યો છે, આ બધા પાપથી મુક્ત થવા, એક જ ઘાએ અને પહેલે જ સપાટે આપણા જૂના ઝાડને ધૂળ ચાટતું કરવાની જરૂર છે; યાદ રાખવું કે ધાર્મિક સિદ્ધાંતો જાળવવા છે, ધર્મશ્રદ્ધા જાળવવી છે, માત્ર ધર્માંધતા હટાવવી છે, તત્ત્વજ્ઞાન રાખવું છે, શબ્દની અર્થ મારામારી ફેંકી દેવી છે. આપણે ધાર્મિક પુનર્વિધાન કરવું છે. એમાં પવિત્ર યાત્રાનાં સ્થળો રહેશે, પરંતુ સામાજિક કલંક છુપાવવા માટે નહિ. એમાં પવિત્રમંદિરોને સ્થાન છે, પરંતુ દરેક ઘર પોતે પવિત્રમંદિર બન્યા પછી, આ પુનર્વિધાન તરૂણ પ્રજાની સમક્ષ મહત્ત્વનો પ્રશ્ન છે. એ પ્રશ્ન આખા સમાજ જેટલો વ્યાપક છે. એ ભયંકર પ્રશ્ન છેડતાં સમાજ વિહ્વળ બનશે. પરંતુ સત્યની ખાતર જો તરૂણો પોતાનો પ્રિયમાં પ્રિય સંબંધ પણ હોમે તો આ સંસારસુધારો તરત બને. ધર્મ આપણો પાયો છે ને તેથી જો સમાજને ખરેખર નમૂનેદાર ધાર્મિક સંસ્થા બનાવવી હોય તો રૂઢિ અને ધર્મનો ભેદ સમજવો જોઇએ.

યુવાન નસોમાં શુદ્ધ લોહી વહેતું હોય તેનું જ આ કામ છે. એમાં અવિચાર હશે પરંતુ અસત્ય નથી. એમાં સાહસ હશે પણ પાપ નથી. જ્યાં સુધી ધાર્મિક ક્રિયામાં રૂઢિને ભેળવી દેવામાં આવે ત્યાં સુધી ધર્મની પણ શુદ્ધિ નથી. તરૂણ પ્રજાએ ધર્મને એવા સત્યસ્વરૂપમાં જ પિછાનવો ને જ્યાં જ્યાં દંભ હોય ત્યાં ધાર્મિક સંસ્થામાં પ્રજાકીય ચૂંટણીનું તત્ત્વ દાખલ કરવું. અલબત્ત આ નમૂનેદાર ધાર્મિક સંસ્થા નહિ બને, પરંતુ એમાંથી ધર્મનો દંભ જશે; જે દંભ રહેશે તે ખુલ્લો બની જશે: અપ્રગટ દંભ નીચે માનવસમાજને લજાવે તેવાં કુકર્મ નહિ હોય.

અને તરૂણ પ્રજા આ પ્રશ્ન શી રીતે ઉઠાવી શકે? દરેક તરૂણ જો પોતાના ઘર આગળથી આ પ્રશ્ન શરૂ કરે તો દેખીતા કલહમાં સમાજ સુધારાનું બીજ રોપાય. અજ્ઞાન એ દુશ્મન છે. અને તેથી, આપણા મુરબ્બીઓ આપણને પ્રિય છે, પણ તેઓમાં રહેલું અજ્ઞાન અપ્રિય છે. દરેક ઘરમાં તરૂણ માણસ આ ધાર્મિક પ્રશ્ન ચર્ચી શકે: શુદ્ધ ધર્મ પોતે પાળે ને બીજાને પળાવે. કેટલાંક એવાં કુટુંબો હશે કે જે માત્ર અનુકરણ કરતાં હશે. તરૂણોની પ્રથમ ફરજ સ્ત્રીઓને ધાર્મિક સંસ્થાનો અર્થ સમજાવવાની છે. ધર્મ દંભ નથી: ધર્મ ગુરૂદેવની ચાખડીમાં નથી: ધર્મ ગુરૂદેવના આત્મામાં અને આપણા હૃદયમાં છે. જો ગુરૂદેવનો આત્મા ન હોય ને આપણે હૃદય ન હોય તો 'સદ્ગુરૂવિજયતે' એવી ગમે તેટલી શબ્દપરંપરાથી ધર્મનું કાવ્ય બનતું નથી. ધર્મ કાવ્ય છે. રસની પરંપરા છે. લાગણીનો પ્રવાહ છે. જ્ઞાનનું સંગીત છે. એ આચારે નથી: પંથ નથી: નવેણુ નથી: સ્પર્શાસ્પર્શમાં નથી. એ પોથીમાં નથી: જીવનવિકાસમાં છે. એ 'જે જે' માં નથી: ઢોકવામાં નથી: ભીની આંખે ઉભા રહેવામાં છે. આચાર એ ધર્મમંદિરનું સોપાન છે. એ પોતે મંદિર નથી.

તરૂણો આ સાહસ ઉઠાવે તો જરૂર રાષ્ટ્રવિકાસનું એક અગત્યનું અંગ ખિલાવી શકાય. આપણે સર્વદેશી પ્રગતિની જરૂર છે. એક જ આપણું કેન્દ્ર હોઇ શકે, પરંતુ આપણા માર્ગો અનેક હોય. આ પ્રશ્નમાં ધાર્મિક બધા પ્રશ્નો સમાઇ જશે. વિધવાવિવાહનો ભયંકર પ્રશ્ન, અત્યંજનો સવાલ, ધાર્મિક સંસ્થાના વિલાસનો કૂટ પ્રશ્ન, ધાર્મિક કરોની યોગ્યાયોગ્યતા, ધાર્મિક ખર્ચાની વ્યવસ્થા, ધાર્મિક શિક્ષણની સંસ્થા, મંદિરોના બ્રહ્મચારીઓની તૃષ્ણા, ગુરુ-મહારાજોની સહેલગાહ, આ અને આવા અનેક પ્રશ્નોથી ધાર્મિક વાતાવરણ શુદ્ધ બનાવી શકાય. અલબત્ત ધાર્મિક સંસ્થા ઉત્પન્ન કરી શકાતી નથી. એ શ્રદ્ધાનો વિષય છે. પણ તે પછી આવી અંધશ્રદ્ધામાં સમાજે શા માટે વધારે વખત સડવું?

સમાજસુધારણાનો જો હાલ સમય ન હોય, તો સમાજ સુધરશે એ વ્યર્થ આશા શા માટે?

અને તેથી ધર્મમંદિરના પુનર્વિધાનનો આ પ્રશ્ન તરૂણ પ્રજાની સમક્ષ ડોળા ધુરકાવી ઉભો છે. સમાજ, જેમ છે તેમ જ જો ધાર્મિક સંસ્થા ચલાવે તો પોતાનું પ્રજાતત્ત્વ ગુમાવી બેસશે. આપણી સ્ત્રીઓમાંથી નૈસર્ગિક રમ્યતા ને કલારસિકતા ગયાં છે: વિધવા સ્ત્રીઓએ પોતાના શરીરને સંતોષવા ધાર્મિક સંસ્થાઓ પોષી છે ને જો તરૂણ પ્રજા એ ઘટના એમજ રહેવા દેશે, તો પચ્ચીસ વર્ષ પછીની પ્રજાને શુદ્ધ માતાના સ્વરૂપની શંકા પડવાથી જીવન અકારૂં થઇ પડશે. આપણે જ્યારે વેશ્યામંદિર બાતલ કરવાની ચર્ચા કરીએ છીએ ત્યારે આ ભયંકર ચર્ચા પણ શા માટે જ નહિ? સમાજ જે ખુલ્લા મેદાનમાંથી કાઢવા માગે છે તે સમાજના ઘરમાં જ છે. ધાર્મિક મંદિરમાં જ છે. અલબત્ત એનું સ્વરૂપ વીસમી સદી જેવું વધારે છે!

તરૂણ પ્રજાની સમક્ષ આ ધાર્મિક વાતાવરણનો ભયંકર પ્રશ્ન છે. જેટલું આપણું સાહસ, મક્કમતા અને ઉત્સાહ એટલો જ આપણો વિજય. આ પ્રશ્ન જો આજે ભૂલી જવાશે તો કાલે ઉભો રહેશે. એ માનવ જીવનનો પ્રશ્ન છે, ને તેથી અમર છે. જ્યાં સુધી આ સડો દૂર ન કરાય ત્યાં સુધી, સામાજિક કલંકથી આપણો સમાજ વિષમય વાતાવરણમાં રહેશે, એ ઝેરભર્યું વાતાવરણ, પ્રજાતન્ત્ર જાળવવા, રાષ્ટ્રીય ભાવના ખીલવવા કે આર્યસંસ્કૃતિનું પુનરુત્થાન કરવા માટે તદ્દન અશક્ત છે. આપણે ભવિષ્યનો જે પ્રશ્ન ઉકેલવો છે, તેમાં આ વર્તમાન સ્થિતિ પર વજ્રપ્રહારની જરૂર છે: વર્તમાનમાંથી જ ભવિષ્ય જન્મે છે. માટે તરૂણ પ્રજાએ આ વર્તમાન પરિસ્થિતિ પર દુર્લક્ષ આપવું યોગ્ય નથી. એક વખત વિચાર ચાલતો કરો, બળ ત્યાં સંગ્રહિત થશે જ. એક વખત આ પ્રશ્ન ઉઠાવો, પ્રશ્નને ઝીલનાર ને સમજનાર મળશે જ. એક વખત પુનર્વિધાન શરૂ કરો, ભાર ઉપાડનાર નવજુવાનો ચોક્કસ આગળ આવવાના.

# સાચું શિક્ષણ.

સંગઠન પછી સમાજ ઉન્નતિનું બીજું પગથીઉં સાચી કેળવણી છે. આધુનિક શિક્ષણ એ સાચું શિક્ષણ નથી. એથી જીવનના ઉચ્ચ સંસ્કારો પોષાતા નથી. અથવા તો એ શિક્ષણ આપણને માણસની સાચી ફરજનું ભાન કરાવતું નથી દોઢસો વર્ષના બ્રિટીશ અમલ દરમ્યાન પણ આપણા દેશની કરોડ જનતા તેવીજ અજ્ઞાન છે. જૈનોની થોડી સંખ્યામાં પણ તેનું પ્રમાણ અતિશય છે. એથી શૈક્ષણિક સ્થિતિ આપણી કઇ હશે ? બાળક જ્યાં જરા સમજતો થાય એટલે આપણે એને ધર્મના સંસ્કારો આપીએ, દેહરૂં દર્શન બતાવીએ, ઉપાશ્રયના પગથીએ ચઢાવીએ અને બાકી રહ્યું હોય તેમ સાધુઓના પગ દાબતા શીખવાડીએ. આ આપણા ધાર્મિક સંસ્કાર અને આ આપણું જીવન. જરા યુવાવસ્થાએ પહોંચે એટલે ગુજરાતી બેચાર ચોપડીનું શિક્ષણ આપીએ અને પેલી કહેવત પ્રમાણે "સોળે સાન અને વીશે વાન" નો અમલ થવો જ ઘટે એ વખત હતો જ્યારે સત્તર અને વીશ વરસની ઉંમરે પગ માંડતો યુવાન દરીયાપાર જતો, જીંદગીમાં મહાન્ સાહસ ખેડતો અને સમૃધ્ધિ તેમજ સફળતા બન્ને પ્રાપ્ત કરતો. એને આવા શિક્ષણની જરૂર નહોતી પડતી એ મેળવવાને યત્ન પણ નહિ કરતો અને કદાચ આ જાતનું શિક્ષણ મળ્યું હોત તો—એ ગૌરવભર્યો ઇતિહાસ આજે ન હોત. આજે તો જાતજાતના શિક્ષકો, જાતજાતના એમના સંસ્કાર અને જાતજાતનું શિક્ષણ જીવનને ઉપયોગી હોય કે નહિ પણ શીખવું તો પડે જ. એમાંથી સંસ્કાર મેળવી ભાવિ વારસામાં સિંચવા. તે ઉપરાંત આપણા ગુરુદેવોના મહામૂલાં વચનો ગળે ઉતારવાં; જેમાં નહિ વૈરાગ્યરસની છોળ ઉડતી હોય.

આતો સામાન્ય શિક્ષણની વાત થઇ પણ તેની આસપાસનું વાતાવરણ પણ તેટલું જ દુઃખદ હોય છે તેનો ખ્યાલ બહુ થોડાને હશે. આંગળીને ટેરવે ગણાય તેવા ધનાઢય કુટુંબોની વાત અલગ કરી સામાન્ય જનતાને પિછાનવાની જરૂર પ્રથમ છે.

નાના અને મોટા કુટુંબોમાં એવું ઘણીવાર બને છે કે દુધ, શાક અને પરચુરણ કામોની જવાબદારી એ બાળકો ઉપર નાંખવામાં આવે છે. એમાં એક લાભ છે કે એથી બાળક બજારૂ વસ્તુઓની ખરીદીમાં કંઇક હોંશિયાર થાય છતાંએ તેની પાસે કરકસર અને ધાક ધમકીથી કામ લેવામાં આવતાં એ ઉંધે રસ્તે દોરાવાનો વધારે સંભવ રહે છે. એની પાસે જેમ દબાણ કરીને પરાણે પરાણે કામ લેવામાં આવે છે તેમ એ વધુ નઠોર બનતું જાય છે. એ તો ઠીક; પણ કેટલીક વખત એને હલકટ ભાષાથી નવરાવવામાં આવે એ બિલકુલ વાસ્તવિક નથી. આજે સમાજના બાળકોનો મોટો વર્ગ ડરપોક રહે છે. એનું કારણ ઘણું'ખરૂં આવું જ હોય છે. આ સિવાય એને જોઇતી છુટછાટો ઉપર કાપ મારવામાં આવે છે.

બાળક એ પણ એક માનવપંખી છે. પંખીના બચ્ચાને જે પ્રમાણે શિક્ષણ મળે છે તે પ્રમાણે આ બાળકને મળવું ઘટે. પંખીનું બચ્ચું કલ્લોલ કરે, સ્વતંત્ર રીતે પોતાની પાંખે આમ તેમ ઉડે તેવી રીતે બાળકની બુધ્ધિનો વિકાસ થવો ઘટે. પુસ્તકીયા શિક્ષણ એ સાચું શિક્ષણ નથી. ડીગ્રીઓ મેળવ્યાથી સાચું શિક્ષણ પ્રાપ્ત થયું મનાતું નથી. એથી આપણો કે આપણા વંશવારસોના ઉધ્ધાર થતો નથી. આજનો બાળક આવતી કાલનો નાગરિક છે. આજનો પુત્ર આવતી કાલનો પિતા છે. એ સત્ય ભૂલવા જેવું નથી.

સાચું શિક્ષણ એ છે જેમાં જીવનના આદર્શો હોય, કળા હોય અને સૌથી મહત્વનું તો એ આદર્શ અને કળા સિધ્ધ કરવા માટેનો અથાગ પરિશ્રમ અને ધગશ હોવા ઘટે.

સૌ કોઇ આદર્શ તરંગોમાં રમી શકે, સ્વપ્નમાં વિહરી શકે અને કલ્પનાની પાંખે ઉડી શકે. તેથી શું ? નહિ મહેનત અથવા તો કાળી મજુરી પણ એકલી કામ લાગતી નથી.

ધાન્ય પકવતો ખેડુત અને વસ્ત્ર તૈયાર કરતો કામદાર એ જીવનના આદર્શ ખરા. સાચા શિક્ષણની પ્રતિમા નહિ અને તેજ રીતે વૈભવવિલાસમાં મહાલતો શ્રીમંત અને ગરીબાઇમાં સબડતો ભિખારી કે એકલી વિદ્વતાભર્યો પંડિત પણ એ શિક્ષણના સાધ્ય ન બની શકે.

માણસમાં બળ હોય અને કળ ન હોય તો તેનું બળ નિરર્થક છે તેમ કળ હોય પણ બળ વગર ચાલે નહિ માટે કળ અને બળ એ આ શિક્ષણના સહાધ્યાયી છે.

આપણા પૂર્વજો કહી ગયા છે કેઃ—"કલમ, કડછી અને બરછી" એ વણિક ગુરાના સાધ્ય લક્ષણ છે. આપણા શિક્ષણનું દ્રષ્ટિબિંદુ આ હોવું ઘટે. એમાં ત્રણેનો સુમેળ હોય તોજ આપણા ધારેલા કાર્યમાં સાંગોપાંગ પાર ઉતરી શકીએ. જીવનનું સાચું શિક્ષણ, કેળવણી જે કહો તે આ છે. પુસ્તકીયા જ્ઞાન સાથે હુન્નર ઉદ્યોગ અને જાતિ અનુભવનું શિક્ષણ પણ હોવું જોઇએ. એ જ્યાંસુધી નહિ મેળવીએ ત્યાંસુધી આપણે ધારીએ તેટલા પ્રગતિ અને વિકાસના માર્ગમાં આગળ નહિ વધી શકીએ અને ત્યાંસુધી સમાજ ઉન્નતિની વાતો નિરર્થક છે.

રમણિક ધીઆ.

# —: વિવિધ વર્તમાન. :—

—પૂનામાં ચાલતી કર્વે વિદ્યાપીઠને પુનાથી મુંબઇ ખસેડવા માટે વડી ધારાસભાના બજેટમાં સરકારે રૂા. ૫૦) હજારની મદદ આપવા ભલામણ કરી છે.

—મુંબઇમાં મહાસભાને જ્વલંત વિજય સાંપડયો છે સામાન્ય મતદાર વિભાગ માટે ઉભા થયેલા નવ ઉમેદવારોમાંથી આઠ ઉમેદવારોનો ફતેહ થઇ છે.

—મુંબઇ એસેમ્બલી માટેની ૧૨૪ બેઠકોનાં પરિણામો જોતાં મહાસભાને ચોખ્ખી બહુમતિ મળવાનો સંભવ દેખાય છે અત્યાર સુધીમાં મહાસભાએ કુલ્લે ૫૫ બેઠકો કબ્જે કરી છે.

—મુંબઇ શહેર દક્ષિણ વિભાગમાંથી શ્રી. નરીમાન, શ્રી. એસ. કે. પાટીલ અને નગીનદાસ ટી. માસ્તર ચુંટાયલા જાહેર થયા છે. તેમ બીજા વિભાગોમાંથી પણ જે મહાસભાવાદી ઉમેદવારો ઉભા હતા. તેઓ પણ બહુમતે ચુંટાયા છે રાષ્ટ્રીય મહાસભાનો દરેક સ્થળે અપૂર્વ વિજય થયો છે.

—તા. ૨૭ મીએ વર્ધા ખાતે મહાસભાની કારોબારી સમિતિ મળવાની છે. તેમાં હાજરી આપવા શ્રીમતિ લક્ષ્મીપતિ, શ્રી મૃદુલાબેન સારાભાઇ વિગેરેને રાષ્ટ્રપતિએ આમંત્રણ આપ્યું છે. સમિતિ દીલ્હીમાં ભરવા રાષ્ટ્રીય સમ્મેલનની ગોઠવણ કરવા મળવાની છે.

# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખક:– ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી.

(ગતાંકથી ચાલુ)

**ગુપ્તદાન**

કાર્નેગી કહે છે કે: મારા પરોપકારના તમામ કાર્યોમાં મારા “ખાનગી પેન્સન ફંડ”ની યોજનાથી મને સંપૂર્ણ સંતોષ થાય છે. જેને ભલા, માયાળુ અને લાયક પાત્રો આપણે માનતા હોઇએ છીએ, જેઓ સદ્ગુણી અને કોઇપણ પ્રકારના દોષને પાત્ર નહિ હોવા છતાં ગુજરાનના સાધનોની ચિંતામાંથી મુક્ત નથી; એટલું જ નહિ પણ તેઓ પોતાના દિવસો આબરૂભેર કાઢવાની મુશ્કેલી ભોગવતા હોય છે તેમને વૃધ્ધાવસ્થામાંથી સંપન્નાવસ્થામાં મૂકવા જેટલી ગુંજાશ તો મારામાં નથી. પરંતુ તેમની વૃદ્ધાવસ્થા સંતોષકારક રીતે પસાર થાય અને તેમની ગુજરાનની મુશ્કેલીઓ દૂર થાય તેવી રીતે ચાલતા આ ફંડથી મને અખૂટ સંતોષ ઉપજે છે. બધા સુપાત્રોના નામ મારી ડાયરીમાં નોંધાયા છે, છતાં બીજો કોઇ એ નામથી જાણકાર ન થાય એની હું કાળજી રાખું છું. મારા ઉપર ઇશ્વરે જે મહેરબાની કરી છે તેને લાયક થવાનો પ્રયત્ન આવું ફંડ ચલાવીને હું કરું છું. આલોકમાં કે પરલોકમાં કોઇ પણ ફળની આશા રાખ્યા સિવાય મારું પ્રાપ્ત કર્તવ્ય હું બજાવ્યે જઉં છું. મારું દાન ગ્રહણ કરનારા મિત્રો જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં હું હોઉં અને મારી સ્થિતિમાં તેઓ હોય તો મને ખાત્રી છે કે તેઓ પણ મારા અને મારા આશ્રિતો માટે તેમ જ કરે તેની મને ખાત્રી છે. આ ફંડનો લાભ લેનાર ઘણા સુપાત્રો તરફથી મારો ઉપકાર માનનારા પત્રો મને મળ્યા છે. તેમાનાં કેટલાક મને એમ જણાવવાની હિંમત કરે છે કે અમે સવારની પ્રાર્થનામાં તમારું નામ સાંભળીએ છીએ અને તમારા માટે ઇશ્વર પાસે આશિર્વાદ માગીએ છીએ. તેમને હું એવાજ જવાબો લખું છું કે–મહેરબાની કરીને મારા માટે કાંઇપણ વધુ માગતા નહિ, મને અત્યાર આગમચ મારા હિસ્સા કરતાં વધારે મળી ચૂક્યું છે. મારા ઉપર થયેલી ઇશ્વરી બક્ષીસોના વાસ્તવિકપણાની તપાસ કરવા નિમાએલી કોઇપણ નિષ્પક્ષપાતી કમીટી તેમાંથી અડધ ઉપરાંતની રકમ પાછી લઇ લેવાની ભલામણ કર્યા સિવાય રહે નહિ. ‘રેલ્વે પેન્સન ફંડ’ અને ‘સ્ટીલ વર્કસ પેન્સન ફંડ’ પણ મને તેટલાં જ વહાલાં છે. કારણ મારા ઘણા જુના મિત્રો અને તેમની વિધવા સ્ત્રીઓ ને આખરે સુધી તેની મદદ પહોંચે છે.

**પીસ સોસાયટી.**

સુધરેલા દેશોના કલંકરૂપ વિગ્રહને નાબુદ કરવા “પીસ સોસાયટી”ને તેણે એક કરોડ ડોલર આપ્યા હતા અને ઘણા રાજ્યોના પ્રતિનિધિઓને તેમાં એકત્ર કરવાનું અને તેના પ્રેસિડેન્ટ તરીકે ન્યુયોર્કમાં કામ કરવાનું કાર્ય તેણે કર્યું” હતું. આ પુન્યના કામ બદલ ફ્રેન્ચ સરકારે તેને ‘નાઇટ કમાન્ડર ઓફ ધી લીજીયન ઓફ ઓનર’નો ઇલકાબ આપ્યો. એ પછી બીજા ઘણા રાજ્યો તરફથી તેને જુદા જુદા ઇલકાબો અને સુવર્ણચંદ્રકો મળ્યા હતા.

**પિટનક્રીપ ગુફા.**

કાર્નેગી કહે છે કે મેં જે બક્ષીસો કરી છે તે બધામાં ‘ડન્ફર્મ લાઇન’ની ‘પિટનક્રીપ ગુફા’ની બક્ષીસની બરોબરી થઇ શકવાની નથી. કારણ બચપણથી તે ગુફા મને પ્રિય હતી; અને ડન્ફર્મલાઇનના રહીશો તેના ઉપર પોતાનો હક્ક સ્થાપિત કરવા પ્રયત્ન કરતા હતા; અને કાર્નેગીના વડવાઓ તે માટે લડતા હતા અને તેના વડવા મોરીસન કુટુંબના કોઇપણ માણસને તેમાં પગ મુકવા ન દેવાનો ઓર્ડર ત્યાંના જાગીરદારે કર્યો હતો. એ સાઠથી સીતેર એકર જમીનનું રમણીય સ્થાન, ગુફા અને રાજમહેલના ખંડેરો કાર્નેગીએ ચાલીસ હજાર ડોલરમાં ખરીદી લીધાં અને તેને પાંચ લાખ પાઉન્ડના ૫ ટકાના વ્યાજના બોન્ડ ડન્ફર્મલાઇનના હિતની ખાતર અર્પણ કર્યા.

તેમનું જીવન ચરિત્ર લખતાં વસ્તુની સંકલના સાચવવા તેવાજ ફંડોની નોંધ તેમાં લેવાઇ છે. પરંતુ તે સિવાય ઘણા અગત્યના દાનો તેણે કર્યાં છે. જેવાં કે:– ‘ચર્ચપીસ યુનિયન’ને વીશ લાખ ડોલર. ‘યુનાઇટેડ એન્જીનીઅરીંગ સોસાયટી’ને ૧૫ લાખ ડોલર, ‘ઇન્ટર નેશનલ બ્યુરો ઓફ અમેરિકન રીપબ્લીકસ’ને સાડા આઠ લાખ ડોલર, કેળવણી અને શોધખોળ તથા જુદી જુદી વીરા સંસ્થાઓને, જુદા જુદા શહેરોમાં એક લાખથી પાંચ પાંચ લાખ ડોલરના હિસાબે ૬ કરોડ કરતાં વધુ રકમ આપી છે. ૨૮૦૦ થી વધુ લાયબ્રેરીઓના મકાનો બંધાવી આપ્યા છે. સાડાબાર કરોડ ન્યુયોર્કના કાર્નેગી કોરપોરેશનને સુપ્રત કર્યા છે અને કાર્નેગીના વીલની રૂએ વ્યવસ્થા કરતાં જે રકમ વધે તે આ કોરપોરેશનને સુપ્રત થવાની છે.

એન્ડ્રુ કાર્નેગીની એકંદર સખાવતોની નોંધ:–

| | | | |
|---|---|---|---|
| ૧ | સાર્વજનિક પુસ્તકાલયો માટેના મકાન (૨૮૧૧). | | ૧૦,૩૬૪,૮૦૯ |
| ૨ | પાઠશાળાઓ ખાતે (૫૦૦ ઉપરાંત સંસ્થાઓને) | | |
| | પુસ્તકાલયોના મકાનો માટે | ૪૦૬૫૬૯૯ | ૨૦,૩૬૩,૦૧૦ |
| | બીજા મકાનો માટે | ૪૬૭૨૧૮૭ | |
| | સ્થાયી ફંડ | ૯૯૭૭૫૮૯ | |
| | બીજાં કાર્યો માટે | ૧૬૪૭૫૩૫ | |
| ૩ | દેવળોમાં વાજાં અને વાજિંત્રો (૭૬૮૯) | | ૬,૨૪૮,૩૦૯. |
| ૪ | ન્યુયોર્કનું કાર્નેગી કોરપોરેશન | | ૧૨૫,૦૦૦,૦૦૦ |
| ૫ | કાર્નેગી ફાઉન્ડેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ લર્નિંગ (અધ્યાપક વર્ગ માટેના પેન્સન અને વીમા ફંડ માટેના દશ લાખ ડોલર સાથેનું શિક્ષણ કાર્યની પ્રગતિ માટેનું ફંડ. | | ૨૯,૨૫૦,૦૦૦ |

(અનુસંધાન જુઓ પૃષ્ઠ ૧૨૦)

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

કોન્ફરંસની સ્ટેન્ડીંગ કમીટી.

Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું, અંક સોળમો
સોમવાર તા. ૧૫-૩-૩૭.

## ક્રાન્તિની હાકલ.

જાગો ! જાગો ! જાગો !
સહુ વીર સપુતો જાગો !
આગે કદમ કુચ માંડો—૧

કલેશ કુસંપની હોળી સળગે
ભાઈ બહેનને માતા ઝગડે
વીર ધર્મના નેજા નીચે
જ્ઞાતિઓ દહનાઓ—જાગો. ૨.

ધર્મ ધુરંધર સત્તાધારી
આસન ના એ સૌ રખેવાળી
મસ્ત બનીને મ્હાલે
એના મદ ઉતારો—જાગો. ૩

સીતમ તણી ક્રુર ચકરી ફરતી
બાળ યુવકના તુરને હરતી
ધરાશાયી એ કરવા
બાહુબળ અજમાવો—જાગો. ૪

અંધ શ્રદ્ધાના પૂર છે જુનાં
રૂઢી પૂરાણા વાહે જુઝ્યા
મીશાળ કરમાં ધારી
એના જીવન પથ અજવાળો—જાગો. ૫

નવયુગની આ નોબત ગગડે
જુન વાણીના પાયા લથડે
રંક જગતના અંતર બોલે
ક્રાન્તિ નાદ ગજાવો—જાગો. ૬

ચોદીશ પ્રસરે બળતી જ્વાળા
તણખા એના નભ ઘેરાયા
બાળ્યા બીન નહી ઠરતા
જ્યોતિ અમર જગાવો—જાગો. ૭

જુગજુગનાં એ બંધન તોડી
દેશકાળના વસ્ત્રો ઓઢી
ક્રાન્તિ બંડ જગાવી
નુતન સમાજ રચાવો—જાગો. ૮

સેવાના સુભટ થઇ સાથે
સ્વાર્પણ હેલે દીલની હાકે
સત્ય અહિંસા નાદ ગજવતા
વિશ્વ વિજય પામો—જાગો. ૯

—મંજુલકુમાર.

# તરુણ જૈન.

તા. ૧૫-૩-૩૭


## કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટી.

જૈન સમાજમાં સર્વમાન્ય અને સર્વવ્યાપક સામાજીક સંસ્થા કોઇપણ હોય તો તે કોન્ફરંસ જ છે. કોન્ફરંસનો પ્રતિહાસ એટલે જૈન સમાજની પ્રગતિનો પ્રતિહાસ. તેણે કેટલાયે આદર્શ સમાજ સમક્ષ ધર્યા. થોડો સમય ઉત્સાહના પૂર રેલાયા, પણ સાચા બીન સ્વાર્થી સેવકોના અભાવે એ ઉત્સાહના પૂર એક ધારા ન વહ્યાં. ભરતી અને ઓટ એ કુદરતનો નિયમ છે. સમાજમાં અનેક મત-ભેદોએ અશાંતિ ઉત્પન્ન કરી. અને તેમાં કોન્ફરંસની શક્તિ નબળી પડી, ત્હેના આત્માને મુંઝવનારા બહિષ્કારના પ્રયત્નો થયા, અને શિથિલતા આવી પણ એ શિથિલતાએ સમાજનો કેટલો હ્રાસ કર્યો છે ? આ જાતની નાશકારક શિથિલતાને હવે તો ખંખેરી નાંખવી જોઇએ, આજના આંતર પ્રવાહો નીચેના કઇ જાતના ચક્રો ગતિમાન થયાં છે એ નહિ જાણનાર કોન્ફરંસની કિંમત નહિં આંકી શકે. આજે દેશ સમક્ષ નવી સમસ્યા ખડી થઇ છે. ફેડરલ તંત્ર આવી રહ્યું છે અને પ્રાંતિક સ્વતંત્રતા પહેલી એપ્રિલથી અમલમાં આવે છે. દેશ ભરમાં ચુંટણી જંગ ચાલ્યો અને આખાયે દેશના હિસાબે લગભગ પોણોસો ટકા મહાસભાની જીત થઇ છે. આવી પરિસ્થીતિમાં આપણે આપણા હક્કોનું સંરક્ષણ કરવું હોય તો આપણે એકત્ર થયેજ છુટકો છે. કોન્ફરંસની છત્ર છાયામાં આપણા હક્કો સુરક્ષિત છે. આપણે સંગઠિત હોઇએ, સામાજીક શક્તિ પ્રબળ હોય તો ત્હેના હક્કો ઉપર તરાપ મારવાની કોઇ હિંમત કરી શકે નહિ. આ રીતે આપણે આપણી દરેક શક્તિઓને કેંદ્રિત કરવાની જરૂર છે. આપણે અંદરો અંદર ગમે તેટલા મતભેદ ધરાવતા હોઇએ પણ બહારના માટે તો આપણે એકત્રિત જ છીએ એમ સાબીત કરી આપવાની જરૂર છે કોન્ફરંસના કાર્યકર્તાઓ એ બીનાથી પૂર્ણ વાકેફ છે એટલે જ ત્હેમણે ઓલ ઇન્ડીયા સ્ટેંડીંગ કમીટીની મીટીંગ બોલાવવાનું મુનાસીબ ધાર્યું છે અને તે ચાલુ માસની તા. ૨૭-૨૮મીના રોજ મળવાના આમંત્રણો નિકળી ચુક્યાં છે. કોન્ફરંસનું પ્રથમ અધિવેશન વર્ષો પહેલાં જ્યારે ફલોધી મુકામે મળ્યું ત્યારે શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢાએ પુષ્કળ જહેમત લઇ તેને સફળ બનાવવાનો સફળ પ્રયત્ન કર્યો હતો ત્યારબાદ બીજું અધિવેશન મુંબઇમાં મળ્યું હતું. તે વખતે મુંબઇનો ઉત્સાહ કોઇ અનેરો હતો. સમાજની પ્રગતિ સાધવાની કોઇ અજબ તમન્ના જાગી હતી. અને એ અધિવેશન ખૂબ સફળ થયું ત્યારપછી તો પાટણ, અમદાવાદ, ભાવનગર, કલકત્તા, પૂના. જુનેર વિગેરે ભિન્ન ભિન્ન સ્થળે અધિવેશનો ભરાયાં, જનતા તેમાં ખૂબ રસ લેતી થઇ, સમાજ ઉન્નતિ માટે અનેક ઠરાવો થયા, પણ એ ઠરાવના પ્રચાર માટે કશા સક્રિય પ્રયત્નો આચરાયા નહિ, લોકોનો ઉત્સાહ મંદ પડતો ગયો, કોન્ફરંસના આગેવાનો થાકીને એક પછી એક દૂર થતા ચાલ્યા. અને આજે આપણી એ કોન્ફરંસનું સુકાન વગરનું નાવ ડગુમગુ ચાલી રહ્યું છે. એ આશ્ચર્યજનક ઘટના છે. કોન્ફરંસ પ્રત્યે સમાજની શ્રદ્ધા છે, ઉંડો પ્રેમ છે. પણ ત્હેના સુકાનીઓએ એ શ્રદ્ધા અને પ્રેમનો જેટલો લાભ ઉઠાવવો જોઇએ, તેટલો લાભ ઉઠાવ્યો નથી, ત્હેની સ્ટેંડીંગ કમીટીના સભ્યો માત્ર મેળાવડામાં હાજર થઇ. નામ લખાવવાની મારામારી કરવામાં અને પછી ઘેરે જઇ નિરાંતે બેસવા સિવાય બીજું કંઇ કર્યું જ નથી. ત્હેના પ્રાંતિક સેક્રેટરીઓ બધા નામના જ રહ્યા છે. ન તો તેઓએ કોન્ફરંસના કાર્યને વેગ આપવા માટે વરસમાં એક કલાક પણ પ્રયત્ન કર્યો છે કે નતો કોન્ફરંસની હેડ ઓફિસના કાગળોનો જવાબ આપવાની પણ સભ્યતા દાખવી છે. ત્હેના ચીફ સેક્રેટરીઓ પણ આલીસ લોગરસનો જાણે કે કાઉસગ્ગ કર્યો હોય તેમ તદન મૌનવૃત્તિ ધરી રહ્યા છે. તેમણે કોન્ફરંસમાં પ્રાણ સંચાર કરવા માટે કંઇપણ પ્રયત્ન કર્યોજ નથી. કોન્ફરંસની આ પરિસ્થિતિ તેને સબળ અને યોગ્ય સુકાની નહિ મળવાથી થઇ છે. જેમ એક આગબોટ નૂતન દૃષ્ટિએ ઉછળતામાં ઉછળતી હળના યંત્રો અને સાધનોથી સુસજ્જ થઇ હોય પણ તે યંત્રો અને સાધનોનો ઉપયોગ નહિ જાણનાર ત્હેનો સુકાની હોય તો ધારેલું પરિણામ આવી શકશે નહિ. બલ્કે બારદરીયે ઉછળતા મોજામાં અટવાઇ પડી ભાંગીને ભુક્કો થઇ જશે. આપણી કોન્ફરંસની એજ પરિસ્થિતિ છે. સુયોગ્ય સુકાની વગર એ સામાજીક ઉછળતા મોજામાં અટવાઇ પડી છે. આપણે તટસ્થ દૃષ્ટિથી વિચાર કરીએ તો કોન્ફરંસની એ સ્થિતિનું આપણને જરૂર ભાન થશે, આવી નબળાઇમાં કોન્ફરંસની સ્ટેંડીંગ કમીટી મળે છે. અને તે પણ એવા સમયમાં મળે છે કે જ્યારે સ્થાનિક કમીટીને પણ પૂરતો રસ નથી. એવી પરિસ્થિતિમાં સ્ટેંડીંગ કમીટીએ નિચેના પ્રશ્નો છણવા ઘટે છે.

૧. જનતા કોન્ફરંસમાં રસ લેતી થાય તેવા પ્રશ્નો ઉપસ્થિત કરવા. દાખલા તરીકે નવાં ચરિતપત્રો, કેળવણી, બાળ ઉછેર, વ્યાયામ મંદિરો અને ઉદ્યોગોને વેગ આપવા માટે પ્રચાર કાર્ય આદરવું અને તે એક એક ખાતું એક એક યોગ્ય અને સબળ વ્યક્તિના હાથમાં મુકવું.

૨. ધાર્મિક ખાતાઓના હિસાબોની માગણી કરવી અને જ્યાં જ્યાં ગેર વહિવટ ચાલતો હોય ત્યાં ત્યાં લોકમત કેળવી વહીવટ સુધરાવવા.

૩. પ્રત્યેક પ્રાંતોના સેક્રેટરીઓ ઉપર કોન્ફરંસના સભાસદો બનાવવાની ફરજ પાડવી.

૪. કોન્ફરંસનું સુકાન કોઇ પ્રતિષ્ઠિત યોગ્ય વ્યક્તિના હાથમાં મુકવું કે જે દરેક રીતે વ્યવસ્થા જાળવી શકે અને દરેક ખાતાઓની તપાસ રાખે.

૫. ઉપરોક્ત કાર્ય માટે એક પંચ વર્ષીય યોજના તૈયાર કરવી જેમાં એક એક વર્ષ માટે એક એક કાય આરંભવું. આ રીતે થશે તોજ જનતામાં ચેતન આવશે. અને સ્થંભિત થયેલ કોન્ફરંસના ચક્રો પુનઃ ગતિમાન થશે. સ્ટેંડીંગ કમીટીમાં આવા સેવાભાવી સભ્યો નહિ મળે એમ માનવાને કારણ નથી.

### સુચના.

ગત તરુણ જૈનમાં પ્રગટ થયેલ શ્રી ધૂમકેતુનો તરુણ પ્રજા અને ધર્મ મંદિરનો લેખ તાજેતરમાંજ પ્રગટ થયેલ "જીવનચક્ર" નામના તેમના પુસ્તકમાંથી લેવામાં આવેલ હતો.

# જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ અને પ્રયાણમાર્ગ

અનેક વખતે કાર્યક્ષેત્ર વિસ્તૃત અને વિશાળ હોવા છતાં, પરિસ્થિતિ તરફ જ્યારે દૃષ્ટિ નાખવામાં આવે છે, ત્યારે પ્રયાણમાર્ગ નક્કી કરવાની અગત્ય લાગ્યા વિના રહેતી નથી. જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ સહૃદયવાળા માણસને આઘાત પહોંચાડનારી છે. એક બાજુ રૂઢિ અને બીજી બાજુ ક્રાંતિ. 'જે થતું હોય તે થાય' એ માનસે પ્રગતિ અશક્યજ બનાવી નથી પણ પરિસ્થિતિ ભયંકર રીતે બગાડી છે. ક્રાંતિ રૂઢિની વિરોધી નથી, પણ એમાં રહેલી ઉણપ કે ખામી સુધારવા પૂરતી છે. સમાજની નાવ આ બે વચ્ચે ઝોલા ખાય છે. તે હંકારનાર સમૂહને વારંવાર એક-બીજા સાથે અથડાવાના પ્રસંગો આવ્યા કરે છે; પરંતુ એવા પ્રસંગે વિવિધ શક્તિમાનોએ ભેગા થઇ. પોતાનું બધું જ બળ અને બધી જ કુનેહ સાર્વજનિક કાર્ય માટે વાપરી. કાર્યસિદ્ધિ કરવી જોઇએ.

વ્યક્તિગત પ્રયત્ન સમૂહપ્રયત્નથી પાછળ રહી જાય છે, એ નિર્વિવાદ સ્વીકારાયેલ વાત છે. તદુપરાંત કોમ તરીકે જીવવા માટે કોન્ફરન્સ જૈન મહાસભા, પરિષદ કે પછી તેને ગમે તે નામ આપો; એવી એક કેન્દ્રિત સંસ્થાની ઉપયોગિતા અનેક કારણોને લઇને રહેલી છે જ, સરકાર કે જન સમાજ સમક્ષ, જાહેરમાં કે ધર્મસમાજમાં કોમના હિતાહિતના પ્રશ્નો સામુદાયીક રીતે રજુ કરવા ધર્મ કે સમાજની વ્યક્તિ કે સમૂહની, ધાર્મિક કે વ્યવહારિક સર્વદેશીય ઉન્નતિ સાધવા એક પ્રતિનિધિત્વ ધરાવનાર મધ્યસ્થ સંસ્થા કે સભાની આવશ્યકતા વર્તમાન યુગમાં હસ્તી ધરાવતી સર્વે કોમ અને સમાજોએ નિ:સંકોચપણે સ્વીકારેલી છે. અને જૈનસમાજને માટે તો આ સમૂહપ્રયત્ન કરનાર આ કોન્ફરન્સ દેવીની હસ્તી સ્વત:સિદ્ધ વસ્તુ છે, પછી તેમાં કાર્યસિદ્ધિને જ જો અવકાશ હોય, તો વ્યક્તિ કે ટોળી (પાર્ટી) તરફ લક્ષ આપવાનું ગૌણ બને છે. સૌએ એકના માટે અને એકે સૌના માટે સર્વ શક્તિઓ એકત્ર કરી વ્યય કરવી જ જોઇએ. આજે જૈન સમાજમાં જ નહિ. પણ સર્વત્ર યુવકો ક્રાંતિના જન્મદાતા મનાય છે, તેમણે અનેકાનેક દિશાઓમાં પોતાની પ્રેરણાઓદ્વારા જાગૃતિ આણી છે. કોન્ફરન્સ પણ એક પ્રેરક બળ છે; જેમાં સમાજના ભિન્ન ભિન્ન વિચારસમૂહને સ્થાન છે અને એ રીતે જૈન સમાજનું ગૌરવ છે.

કોન્ફરન્સ એટલે સમૂહ અને યુગપરિવર્તન સાથે આજે તેણે પ્રયાણમાર્ગ નિશ્ચિત કરવાની આવશ્યકતા છે, એમ કેટલાકો કહે છે. કેટલાક આ સૂચના માટે ભય દેખાડે છે, એ સર્વથા અસ્થાને છે. લક્ષ્યબિન્દુ એક હોવા છતાં પ્રમાણિક મતભેદ હોય છે અને તેથી સમૂહ તરીકે એને એકત્ર થઇ, માર્ગ ચિંધવાની આવશ્યકતા અમુક સમયે ઉપસ્થિત થતી રહી છે. એકત્ર થવા વિના કે વિચારો સ્પષ્ટ રીતે રજુ કરી, માર્ગ કાઢવા વિના સમૂહમાં નિર્બળતા પ્રવેશ કરે છે અને તે અસાધ્ય રોગના રૂપમાં ન પરિણમે એ કાળજી રાખવી ઇષ્ટ છે. આજે આ પરિસ્થિતિ વચ્ચે કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ ઓલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીની બેઠક બોલાવવા ઠરાવ કર્યો છે અને તે મુંબઇમાં આગામી તા. ૨૭-૨૮ માર્ચ ૧૯૩૭ સંવત ૧૯૯૩ ના ફાગણ વદ ૧ શની-રવીના દિવસે એકત્ર થઇ ભાવી પ્રયાણ માર્ગ સૂચવશે. આ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ વિચારણીય મહત્વના પ્રશ્નો રજુ થશે અને તેમાં હિંદના જુદા જુદા વિભાગોના બંધુઓ સક્રિય ફાળો આપે એ હાલના તબક્કે જરૂરી છે.

કોન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરીઓએ પણ સ્થાયી સમિતિ મળે તે અગાઉ પોતાના પ્રાંતમાં યોગ્ય રીતે પ્રચાર અને જાગૃતિ કરવી જોઇએ. પ્રાંતને લગતી હકીકત, વિધવિધ સમાજોપયોગી બાબતો તથા કોન્ફરન્સને પુષ્ટિ આપવા માટે એક બીજા કેમ અને કેવી રીતે ભોગ આપી શકે તે વગેરે અંગે ચર્ચા, વિચાર વિનિમય કરવા અને પોતાના પ્રદેશની સૂચના કે અભિપ્રાયને સ્ટે. કમિટી સમક્ષ રજુ કરવા એક વખતે એકત્ર થવાની વ્યવસ્થા કરે. આ રીતે જુદા જુદા પ્રાંતમાં એકત્રિત થયેલા સભ્યોમાંથી વધુમાં વધુ. સંખ્યા મુંબઇ આવી સમિતિમાં હાજરી આપશે તો કોન્ફરન્સને વિશેષ બળ-પુષ્ટિ મળશે અને તેનાં સર્વ પ્રાંતિય કાર્યપ્રદેશને પહોંચી વળવા દિશા-સૂચન થઇ શકશે.

આ સર્વ ઉપરથી એક વસ્તુ સ્હેજે સમજાય એવી છે કે કોન્ફરન્સ એક પ્રબળ શક્તિ છે. એની ગતિ અનેક જાતના વાવાઝોડા વચ્ચે ઝોલા ખાતી જણાતી હોય તો તેને તેજ બનાવવાની ફરજ સમાજની છે: પણ તે આપણામાં રહી સહી શક્તિ છિન્ન ભિન્ન કરીને નહિં. આપણી વેરાયેલી શક્તિ એકત્ર થાય તો અજબ કાર્યસાધના થઇ શકે છે; તે ન બને તો આપણે અત્યારની આપણી મૂડી ખોવા જેવું તો બિલકુલ નથી. સામાન્ય જનસમૂહ કે જે સમાજ રૂપી સંસ્થામાં એક અતિ મહત્વનો ભાગ ભજવે છે તેને પણ આ મહાદેવીને ચરણે પોતાની શક્તિઓ અર્પણ કરવાની છે, વૃદ્ધ કે યુવક, ગરીબ કે ધનવાન, રૂઢિચુસ્તો કે સુધારકો ગમે તે હો. તેની એકત્રિત શક્તિ શું નથી કરી શકતી ? આજે આપણા સમાજની નિર્માલ્ય દશા એ સર્વ બળ છુટા પડી જવાથી થયેલી હોઇ કોન્ફરન્સની ઓલ ઇન્ડિયા સ્ટેન્ડિંગ કમિટીના પ્રાપ્ત થયેલા સુઅવસરે આપણે કોન્ફરન્સ મહાદેવીને માટે જરૂર કાંઇ સફળ કાર્ય કરી બતાવીએ એવી ઇચ્છા અને પ્રેરણા સૌમાં જન્મે એમ ઇચ્છીશું.

—જમનાદાસ અમરચંદ ગાંધી.

## શ્રી જૈન દવાખાનું પાયધુની મુંબઇ.

ઉપરોક્ત દવાખાનામાં છેલ્લા બે માસમાં—

| | પુરૂષ દર્દી | સ્ત્રી દર્દી. | બાળક દર્દી | કુલ્લે | સરેરાશ. |
|---|---|---|---|---|---|
| જાનેવારી | ૫૧૮. | ૭૦૨. | ૬૨૮. | ૧૫૪૮. | ૫૦. |
| ફેબરુઆરી | ૫૩૦. | ૩૮૦. | ૫૫૯. | ૧૪૬૯. | ૫૩. |

આ પ્રમાણે દર્દીઓએ લાભ લીધો હતો અને સરેરાશ હાજરી વધતી જાય છે, બાઇ ડોકટરે કુલ્લે ૧૮૨ દર્દી તપાસ્યા હતા, દવાખાનાને મદદ કરવા સખી જૈન ભાઇ બ્હેનોને ખાસ વિનંતી છે.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

### આમંત્રણ પત્ર.

ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીના સભાસદો યોગ્ય.

સુજ્ઞ શ્રી,

સવિનય નિવેદન કે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની **સ્થાયી સમિતિ** (All India Standing Committee) ની એક બેઠક આવતા ઇસ્ટરના તહેવારો દરમ્યાન **તા. ૨૭ તથા ૨૮ મી માર્ચ ૧૯૩૭ (સં. ૧૯૯૩ ના ફાગણ વદ ૧) શની–રવીવારના** દિવસોએ **મુંબઇ** મુકામે કાર્યવાહી સમિતિના નિર્ણયાનુસાર બોલાવવામાં આવી છે. તદનુસાર વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે સદરહુ બેઠક પ્રસંગે આપ અવશ્ય હાજરી આપી ઉપકૃત કરશો.

## કાર્યક્રમ.

૧. સંવત ૧૯૯૦, ૯૧ અને ૧૯૯૨ની સાલના ઓડિટ થયેલા તથા કાર્યવાહી સમિતિએ મંજુર રાખેલા આવક જાવકના હિસાબ, સરવૈયાં તથા રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરફથી નિવેદન રજુ કરવામાં આવે તેની નોંધ લેવા.

૨. સંસ્થાના ચાલુ રેસીડેન્ટ સેક્રેટરીની કાર્યવાહી સમિતિ દ્વારા થયેલ નિમણુંક તથા બીજા રેસીડેન્ટ જનરલ સેક્રેટરી અને જનરલ સેક્રેટરીના ખાલી રહેલા હોદ્દાઓ ઉપર યોગ્ય નિમણુંકો કરવા અંગે વિચારણા કરી નિર્ણય કરવા.

૩. બંધારણાનુસાર કોન્ફરન્સનું આગામી અધિવેશન મેળવવા સંબંધે વિચાર કરી યોગ્ય નિર્ણય કરવા.

૪. જૈન કોઓપરેટીવ બેંકની સ્થાપનાર્થે ડાયરેક્ટરો આદિના સંબંધે વિચારણા કરી નિર્ણય કરવા.

૫. કોન્ફરન્સની આર્થિક સ્થિતિ સુદૃઢ કરવા અંગે વિચાર કરી યોગ્ય કરવા.

૬. બંધારણાનુસારે પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓની રચના કરવા, તે દ્વારા કોન્ફરન્સના ઠરાવો અમલમાં મુકાવવા વિગેરે અંગે વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવા.

૭. સમાજમાં પ્રસરી રહેલી બેકારી નિવારણાર્થે વિચાર કરી યોગ્ય નિર્ણય કરવા.

૮. પ્રમુખની પરવાનગીથી અન્ય જે બાબત રજુ થાય તે વિચારી યોગ્ય નિર્ણય કરવા.

લી. સંઘ સેવકો,

**બહાદુરસિંહ સિંઘી.**
**ગુલાબચંદ ઢઢ્ઢા.**
જનરલ સેક્રેટરીઓ.

**જમનાદાસ અમરચંદ ગાંધી.**
સેક્રેટરી,

**નોંધઃ**–(૧) આપ ખાનગી ઉતારે ઉતરવાના છો કે તે સંબંધી કોન્ફરન્સ તરફથી ગોઠવણ કરવાની છે તે અવશ્ય જણાવશો.

(૨) આપ ક્યારે અને કઇ ટ્રેન મારફતે મુંબઇ ઉતરશો તે જણાવશો.

(૩) આપના તરફથી કોઇ બાબત કમિટીમાં રજુ કરવાની હોય તો તુરત જણાવશો.

(૪) ઉપરની બાબતોનો પ્રત્યુત્તર તા. ૧૫મી માર્ચ ૧૯૩૭ પહેલાં મળે તેમ કરશો.

(૫) મુંબઇમાં ક્યા સ્થાને અને સમયે સભા મળશે તે હવે પછી જણાવવામાં આવશે.

# સ્ત્રી કેળવણી.

નુતન સમાજ રચનામાં સ્ત્રી કેળવણી એ મુખ્ય અંગ છે. એનો જેટલે અંશે વિકાસ થાય તેટલો સમાજ વધારે પ્રગતિ કરી શકે છે. બાળકના ઉપર સુસંસ્કારની છાયાનું પ્રતિબિંબ પણ તેજ છે. આવતી કાલની ભાવિ સંતતિનો ઉજ્વળ પ્રકાશ પણ એમાંજ છે.

આધુનીક દુનીયાના ઇતિહાસમાં કેળવાયેલી સ્ત્રી શક્તિએ અજબ પરિવર્તન આણ્યું છે. તેઓએ રાષ્ટ્રની મુક્તિમાં યશસ્વી ફાળો આપ્યો છે. સાહિત્ય, કળા, હુન્નર, ઉદ્યોગ અને સમાજ ઉન્નતિના પ્રત્યેક ક્ષેત્રમાં તેઓ નવીન માર્ગદર્શક બની છે, આ બધું શિક્ષીત સમાજથી અજાણ્યું નથી.

આપણે હજુ અજ્ઞાનતાના અંધકારમાં ફાંફા મારી રહ્યા છીએ. આપણને દુનીયાની પરિસ્થિતિનો ખ્યાલ નથી. આપણા રાષ્ટ્રના આંદોલનના મુર્ત સ્વરૂપનું ભાન નથી, અને સમાજ જેવી વસ્તુ તો પછી ક્યાંથી સમજીએ.

આપણે તો માની લીધું છે ઘરની ચાર દીવાલ એ આપણી દુનીયા. એમાંજ સૌનો વસવાટ, અને એજ આપણું સર્વસ્વ. એમાં કલેશ, કજીઆ, નીંદા, ચુગલી, વહેમ, વીગેરેની વાતો હોય. સૌ કોઇ એ સાંભળે, એવું શીખે, અને સંભળાવે. આનો ભોગ મોટે ભાગે આપણી બેનો. માતાઓ અને બાળકો બને. હીંદુ સંસારની ગુઢ સમસ્યામાં પુરૂષ પ્રધાન છે. સત્તાધિકારી છે. જ્યારે સ્ત્રી એ ગુલામ મનાય છે. સમયના પરિવર્તન સાથે આજે એમાં ફેરફારો થયા છે છતાંએ જૈન સમાજનો મોટો ભાગ તો એ માન્યતા સાથેજ સંકળાએલો છે, અને તેને પરિણામે સ્ત્રીઓનું સ્થાન હજુ તેવુંજ છે.

આજે અનેક સ્થળો એવા છે જ્યાં જૈનોની વસ્તી સુંદર છે. ત્યાં સ્ત્રીઓ અને બાળીકાઓને ધાર્મિક શિક્ષણ આપવાને માટે અનેક પાઠશાળાઓ છે. એકંદર તેનો લાભ ઠીક લેવાય છે, જ્યારે વ્યવહારિક અને હુન્નર ઉદ્યોગના શિક્ષણ માટે ભાગ્યેજ એવી શાળાઓ આપણને માલુમ પડશે. સ્ત્રીઓની ધાર્મિક વૃત્તિને માટે આપણને માન હોઇ શકે છતાં સાથે સાથે એ પણ સમજવાની જરૂર છે કે એકલા ધાર્મિક જ્ઞાનથીજ સમાજનો ઉદ્ધાર થવાનો નથી.

આપણામાં આજે અનેક કુરૂઢીઓ ઘર કરીને બેઠી છે. સ્ત્રી જાતિને અજ્ઞાન રાખીને આપણે સમાજનું સત્યાનાશ વાળ્યું છે. કેળવણી એ એક વસ્તુ છે જે પ્રાપ્ત કરવાથી વ્યક્તિ સત્ય વસ્તુનું દિગ્દર્શન કરી શકે છે. સારા નરસાના ભેદ સમજી શકે છે અને જીવન તેમજ સમાજ વિકાસનો સુમેળ સાધી શકે છે.

જૈન સમાજ ધર્મ અને મંદીરો, એની ક્રીયાઓ પાછળ લાખો રૂપીઆ દર વર્ષે ખરચે છે જ્યારે પોતાના બાળકો બેનો અને માતાઓની અજ્ઞાનતા તરફ એને જરાયે સુગ આવતી નથી.

કેળવણીની અભિરૂચી એ સુસંસ્કારની છાયા છે. મહાન પુરૂષોના ચરિત્રો એમના આદર્શો અને કાર્યવાહી ઇત્યાદિની સમજ સામાન્ય રીતે વાંચન દ્વારાજ પ્રાપ્ત થાય છે. આજનું ગુજરાતી સાહિત્ય સુંદર વીકાસ પામ્યું છે. જૈન સાહિત્યે એના સર્જનમાં

# ધર્મ પ્રચારની વિધવિધ પદ્ધતિઓ.

—નાનાલાલ દોશી.

એક વખત એવો હતો કે જ્યારે આજના આપણા મુનિવરોની જેમ ધર્મ પ્રચારકો પગે મુસાફરી કરી અગર તો મંદગતિ–વાહનો દ્વારા દેશો અને ખંડોની મુસાફરી કરતા. પુરાણા પુસ્તકો આ માહિતિનું સમર્થન કરે છે. આ મુસાફરો અને ધર્મપ્રચારકોના અપ્રસિદ્ધ કે પ્રસિદ્ધ લેખો આ રીતે ભૂતકાળનો ઘણોએ ઇતિહાસ વર્તમાન જનતા સમક્ષ રજુ કરે છે. આપણા દેશમાં પરદેશી મુસાફરો સિવાય પ્રાંતિક મિત્રતાને વજ્રલેપી કરનાર ભક્તો થઇ ગયા છે. આ મહાપુરૂષોની ખ્યાતી પ્રતિ પાંત પ્રસરેલી હતી અને તે વખતની શ્રધ્ધાળુ જનતા તેમનાં સ્વર્ગગમન બાદ પણ મુર્તિઓ બનાવી તેમને પ્રભુ પેઠે પૂજતી. રાજા મહારાજાઓ અને નગરનાં મહાજનો પણ આવા પુણ્ય પુરૂષોનું વચન માથે ચઢાવતા. આપણા જૈન મુનિવરોને આવું સન્માન મળતું તે આપણે શ્રી હીરવિજયસૂરિશ્વરજી તથા અકબર બાદશાહના મેળાપથી સમજી શકીએ છીએ. ઝડપી સાધનોનાં અભાવે તેમને એક સ્થળે સ્થીર રહી પ્રજા સેવા કરવાનું અનુકુળ ન હતું તેને લઇને તેઓ પોતાના અનુયાયીઓને આવા પ્રદેશોમાં ઉપદેશ કરવા મોકલતા અને મુખ્ય મુખ્ય સ્થળોએ પોતાના વિહારો, મઠો. કે ઉપાશ્રયો બંધાવતા. આજે પણ આજ પ્રકારની ધર્મ પ્રચાર પધ્ધતિ અને વ્યક્તિ–પૂજા જોઇએ છીએ પરંતુ જવા આવવાનાં ઝડપી સાધનોને લઇ તે કાર્ય આજે વધુ સરળ થઇ પડ્યું છે. પ્રમાણના સમય કરતાં આજે એક વસ્તુ વધારે સ્પષ્ટ જોઇએ છીએ તે ધર્મ અને રાજ કારણની નિકટતા. સમાજની રચનાનાં અમુક સ્વરૂપને લઇ મૂડીવાદીઓ અને ધર્મધુરંધરો વચ્ચે પ્રથમથીજ વધુ મેળ જામેલ છે અને તે મિત્રતા અનિવાર્ય પણ હતી પરંતુ ઇંગ્લંડ જેવા ખ્રીસ્તી ધર્મ પાળનાર દેશોમાં ધર્મ અને રાજકારણની વધુ નિકટતાને લઇ ધર્મ પ્રચાર તે સામ્રાજ્યવાદનું મુખ્ય અંગ બન્યું છે. ધાર્મિક ભાવનાં મનુષ્યના મન ઉપર મોટામાં મોટું સ્વામિત્વ ભોગવે છે અને એ એકજ બળ સામ્રાજ્યવાદને ટકાવવા માટે પુરતુ છે. એ જાણી ધર્મ પ્રચારને તેઓએ પ્રથમથીજ ટેકો આપ્યો છે. નિશાળો, હોસ્પીટલો, અનાથાશ્રમો આવાં આવા જન હિતકારક કાર્યો દ્વારા તેઓ પ્રજાની સેવા કરવા ઉપરાંત તેમનું ધ્યેય પોતાના પંથની સંખ્યા વધારવાનું પણ હોય છે, શાસકોની મહેરબાનીને લઇ તેમને આર્થિક અને નૈતિક સહાય મેળવવામાં મુશ્કેલી પડતી નથી. એશીઆ અને આફ્રીકા ખંડમાં સ્થળે સ્થળે આવા મથકો છે અને તેની પાછળ જંગી રકમનું પીઠબળ છે.

શુદ્ધ હૃદયથી ધર્મ પ્રચાર થતો હોય તો તેમની કાર્ય કરવાની પધ્ધતિ ખરેખર અનુકરણીય છે. રામકૃષ્ણ અને વિવેકાનંદના અનુયાયીઓએ આવાજ હિતકાર્યો સાથે ધર્મ બાબતમાં સ્વતંત્ર વિચારણાને જ અનુમોદન આપેલું હોય તેઓ ઠેર ઠેર સત્કાર પામે છે અને વખતની અનુકુળતા મુજબ આવી રીતનું પ્રચારકાર્ય વધુ ઇચ્છનીય છે.

**આપણા મુનિવરો.**

પરંતુ આપણા મુનિવરો તો તેનાં કરતાં પણ આમ જનતાના વિશેષ સંપર્કમાં આવતા હોઇ જો તેઓ ઇચ્છે તો વધુ સરસ રીતે પ્રજા સેવા કરી શકે, સામાજીક કાર્યોમાં પ્રેરણા આપી શકે અને અનેક રીતે સમાજનું નેતૃત્વ ભોગવી શકે. છેલ્લા થોડા વરસ દરમ્યાન આપણાં સાધુવર્ગમાં અનિચ્છનીય પ્રકારના કલહ. તેઓમાં પેસી ગયેલ અભિમાનની ખોટી ભાવના અને કીર્તિના ખોટા ખ્યાલથી. ને લઇ તેઓ સમાજનો વિશ્વાસ ગુમાવી બેઠા છે. આજે તેઓને જ લાગવા માંડ્યું છે કે ભવિષ્યની જનતા આ વસ્તુ નહિ સાંખે. વિચાર ભેદને દરેક સ્થળે સ્થાન છે, પરંતુ આ વિચાર ભેદ સમાજના અંગમાં ઘા કરે છે ત્યારે તે વિનાશનો માર્ગ છે. આજે એક જૈન સમાજ જેવા નાનકડા સમાજમા આટલા ફાંટાઓ અને ભાગલાઓ સમાજની અવનતિજ દર્શાવે છેઃ અને આ બધાનો મુખ્ય દોષ આપણા અત્યારના ધર્મ પ્રચારકો ઉપર વિશેષ છે; તેમણે આત્મોન્નતિને નામે જ્યારે સમાજ હૃદયની નાડ પારખ્યા વિના, દિક્ષા જેવી ઉચ્ચ વસ્તુને વેશ પરિવર્તનના નીચે ઘોરણે મુકી ત્યારેજ સુધારકો માટે તે વસ્તુ અસહ્ય બની. અત્યારે મુનિવરો કરતાંએ શ્રી પરમાણંદભાઇએ તેમના રાજકોટના ભાષણમાં સુચવ્યું છે તેમ કેટલીક પ્રતિષ્ઠિત તેમજ વિદ્વાન વ્યક્તિઓ ફક્ત શીલસુરીનો પ્રચાર અને સમાજ સેવાનું ધ્યેય દ્રષ્ટિ સન્મુખ રાખી નીકળી પડે તો તેઓ વધારે ઉપયોગી થઇ પડશે. આપણા આજના મુનિવરો તુલનાત્મક દ્રષ્ટિએ અભ્યાસ ન કરતા હોવાને લઇ તેઓ બહારનું આજવાળું બહુ ઓછું જોઇ શકે છે. દેશકાળને તેઓ નથી સમજી શકતા એટલે સમાજની આર્થિક પરિસ્થિતી ધ્યાનમાં રાખ્યા વિના હજારો અને લાખો રૂપીઆ ધાર્મિક ક્રીયાકાંડો પાછળ ખર્ચાવે છે, જ્યારે ખરૂં સામાજીક કાર્ય શેમાં છે તેનો તેઓ ઓછોજ ખ્યાલ રાખે છે. જૈન સિવાયની અન્ય જનતાથી આપણે જુદા છીએ તેવી ભાવનાને આજે સ્થાન હોવું ન જોઇએ. અન્ય ધર્મોમાં જોવું સત્ય છે તેમ માની લઇ તેમની પ્રત્યે ઘૃણા ન હોવી જોઇએ. આજે ઘરઘાલી બેઠેલ ધાર્મિક "શાહીવાદ" અને "સ્થાપિત હક્કો"નું પોષણ ધર્મોના મુળ ઉખેડે છે તેમ આપણા મુનિવરો સમજી દુનીયાનાં ધર્મોથી વિભક્ત રહેવાને બદલે ધર્મોના એકીકરણ સારૂ તે દિશામાં પોતાનો કીંમતી ફાળો આપે તો દુનીયામાં ચાલી રહેલ ધાર્મિક–તકરારોનું કેવું સરસ નિરાકરણ થાય ?

---

મહત્વનો ફાળો આપ્યો છે, અને તેથીજ ગુજરાતી સાહિત્યમાં અગત્યનું સ્થાન ભોગવનાર માત્ર જૈન સાહીત્ય એકલુંજ છે.

આપણા સમાજની શ્રીમંતાઈમાં સ્ત્રીઓ ફુરસદનો વખત ઘણો મેળવી શકે છે. એમને રાંધવા ખાવા, પીવા અને ઘરગથ્થુ કામ સીવાય ભાગ્યેજ બીજુ મહત્વનું કાર્ય હોય છે. તેઓ ધારે તો એમનો ફુરસદના વખતનો સદુપયોગ પોતાને અને સમાજના ભલા ખાતર ઘણી સારી રીતે કરી શકે.

સમાજના દાનવીરો અને કાર્યવાહકો રસ લે અને ઉત્સાહથી કામ કરે તો અનેક સુંદર પ્રવૃતિઓ હાથ ધરી શકાય. આ દીશામાં મુંબઇનું ગુજરાતી હીંદુ સ્ત્રી મંડળ અને અમદાવાદનો જ્યોતિ સંઘ પ્રસંશનીય કાર્ય કરી રહ્યા છે. આપણો જૈન સમાજ તેનું અનુકરણ કરે તો ?

—લેખકઃ રમણિક ધીઆ.

# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ– ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

ગતાંકથી ચાલુ.

| | |
|---|---|
| ૧૯ કિંગ એડવર્ડ હોસ્પિટલ ફંડ, | ૫૦૦,૦૦૦ |
| ૨૦ ચર્ચ પેન્શન ફંડ | ૩૨૪,૭૪૫ |
| ૨૧ સિમ્પલી ફાઉંડ, સ્પેલિંગ બોર્ડ | ૨૮૦,૦૦૦ |
| ૨૨ સેન્ટ્રલ અમેરિકન પીસ પેલેસ (ન્યાયમંદિર) | ૨૦૦,૦૦૦ |
| ૨૩ સ્ટડી ઓફ મેથડ્ઝ ઓફ અમેરિકનાઇઝેશન. | ૧૬૦,૦૦૦ |
| ૨૪ હોમ ઇન્સ્ટીટ્યુટ (ગાર્ડીન) | ૧૨૦,૦૦૦ |
| ૨૫ ન્યુયોર્ક ઝુઓલોજીકલ સોસાયટી | ૧૧૮,૦૦૦ |
| ૨૬ ન્યુયોર્ક એસોશીએશન ફોર ધી બ્લાઇંડ. | ૧૧૪,૦૦૦ |
| ૨૭ અમેરિકન લાયબ્રેરી એસોસીએશન | ૧૦૦,૦૦૦ |
| ૨૮ સેન્ટ એન્ડ્રુસ સોસાયટી. | ૧૦૦,૦૦૦ |
| ૨૯ આર્યન અને સ્ટીલ ઇન્સ્ટીટ્યુટ લંડન | ૮૯,૦૦૦ |
| ૩૦ પિટસબર્ગ કિંગ્સલી હાઉસ એસોશીએશન. | ૭૯,૦૦૦ |
| ૩૧ નોર્થેમ્પટન હોમ ફોર ફ્લાજ. | ૭૭,૦૦૦ |
| ૩૨ ફોરીન સ્ટુડન્ટસ ફ્રેન્ડલિ રિલેશન્સ કમીટી. | ૭૦,૦૦૦ |
| ૩૩ સો બોન (મેડમકરી ફંડ). | ૫૦,૦૦૦ |
| ૩૪ સ્કોટસ ચેરિટેબલ સોસાયટી, બોસ્ટન. | ૩૦,૦૦૦ |
| ૩૫ મહાયુધ્ધ નિમિત્તે, રેડક્રોસ | ૧,૫૦૦,૦૦૦ |
| ૩૬ કેન્ટમેન્ટ લાયબ્રેરીઓના મકાન. | ૩૨૦,૦૦૦ |
| ૩૭ કોલીમ્બસના નાઇટસ. | ૨૫૦,૦૦૦ |
| ૩૮ યંગમેન્સ ક્રિશ્ચિયન એસોશિએશન | ૨૫૦,૦૦૦ |
| ૩૯ નેશનલ રિસર્ચ કાઉન્સીલ | ૧૫૦,૦૦૦ |
| ૪૦ યંગ વીમેન્સ ક્રિશ્ચિયન એસોશીએશન | ૧૦૦,૦૦૦ |
| ૪૧ વોર કેમ્પ કોમ્યુનિટિ રિક્રિએશન સર્વિસ. | ૫૦,૦૦૦ |
| ૪૨ નેશનલ બોર્ડ ઓફ મેડિકલ એક્ઝામિનેશન. | ૨૨૫૦૦ |
| ૪૩ પરચુરણ | ૨,૭૯૨,૫૦૦ |
| એકંદર | ૧૦૫૦૬૦૦ |
| | ૩૫૦,૬૯૫,૬૫૩. |

કાર્નેગી કહેતો હતો કેઃ જે માણસ ધનના ઢગલા મૂકીને મરી જાય છે, તેનું **મરણ નામોશી ભર્યું છે.** ઉપર મુજબની દાન વ્યવસ્થા કર્યા બાદ તેણે પોતાના વસીયતનામામાં પોતાના વારસો, આપ્તજનો અને આશ્રિતોને આપવા ઠરાવેલી રકમો બાદ જતાં, જે રકમ બચે તે કાર્નેગી કોરપોરેશનને અર્પણ કરી છે. કાર્નેગી ૮૨ વરસ જીવ્યો હતો; તેણે ૩૦ કરોડ ડોલર દાન માર્ગે વાપર્યા હતા. અને સાઇકલો પીડીયા બ્રીટાનીકાના જણાવવા મુજબ કાર્નેગી ધંધામાંથી નિવૃત્ત થયો ત્યારે તેની મિલકતના તેને આશરે પચાસ કરોડ ડોલર ઉપજ્યા હતા; કાર્નેગીને ૧ પુત્રી હતી, તેને તથા બીજા સગાઓને જુજ રકમ આપી બાકીની રકમ તેણે "કાર્નેગી કોરપોરેશનને" અર્પણ કરી **હતી.** પોતાની ઉપર આધાર રાખનાર મનુષ્યોનો સારી રીતે નિભાવ થાય તે કરતાં વધારે મિલકત તેમને સોંપવી એ મિલકતનો સાચો કે ડહાપણભર્યો ઉપયોગ કહેવાય નહિ એમ કાર્નેગી માનતો હતો.

–સંપૂર્ણ

# ઉછાંછળો.

( એક ચિત્ર )

એને સહુ ઉછાંછળો (!) કહેતા.

કારણ એ જુવાન હતો; જુવાનોને ઉશ્કેરતો; વળી "જુવાન–સંસ્થા"નો નેતા હતો; અને—

અને એની પ્રવૃત્તિઓ ઉછાંછળી (!) હતીઃ–

—મંદિરો માંહી, દેવને નામે, એકઠી થયેલી ને નિરૂપયોગી પડેલી, 'ટ્રસ્ટીઓ' મારફત તણાઇ જતી ને ઝગડાઓમાં વેડફાઇ જતી, મિલકત એણે "જુવાન–સંઘ" દ્વારા જુવાન બેહીદારોની મદદથી આપખુદી 'ટ્રસ્ટી'ઓ પાસેથી જપ્ત કરી, સુવ્યવસ્થિત કરી, અને કેળવણી, સ્કોલરશીપો, લોન–ફંડને, સસ્તા ભાડાની ચાલીઓ, સુવાવડખાનાઓ, વ્યાયામશાળાઓ, ફ્રી–વાંચનાલયો વિગેરે પ્રશ્નોના ઉકેલમાં તેનો સદુપયોગ કર્યો.

—સંતતા, સાધુતા, ને પવિત્રતાના ઓઠા હેઠળ આળસુ, એદી, ને વિલાસી બની સમાજને ભાર રૂપ થતા, અને કલેશ ને કંકાસ ફેલાવી સમાજને છિન્ન ભિન્ન કરતાં, ઢોંગી ને પ્રપંચી ધર્મગુરૂઓને "જુવાન–સંઘ" દ્વારા ઉઘાડા પાડી, સ્થાન–ભ્રષ્ટ કર્યા; અને યોગ્યતા ધરાવતા બાકીના નિષ્ક્રિયને સમાજને નિરૂપયોગી થઇ પડેલાઓને શિક્ષણશાળાઓ, આરોગ્ય–મંદિરો, ગ્રામ્યોધ્ધાર, મંડળો, રાષ્ટ્રિય શાળાઓ, સેવાશ્રમો, પતિતાશ્રમો, પ્રચાર કાર્ય–સંઘો વિગેરે સંસ્થાઓમાં "સંઘ–સેવકો" તરીકે સ્થાપી, પ્રવૃત્ત ને સમાજોપયોગી બનાવ્યા.

—"સંઘ", દ્વારા રાજ્યકર્તા સમક્ષ હકીકતો, દલીલો ને પ્રમાણો રજુ કરી, કાયદા ને કાનુનો દ્વારા, મુડીવાદીઓના સ્વચ્છંદ, જુલ્મ, જોહુકમી, નીતિ ભ્રષ્ટતા, ગરીબોનાં રક્ત–શોષણ, અટકાવ્યા, અને અન્યાયને આપખુદીથી લૂંટેલું ધન પાછુ પડાવી, "ટુકડા રોટલા" માટે મરતા દરિદ્રનારાયણોને ધર્યું; બેકારી–નિવારણ, હુન્નરઉદ્યોગ–શાળાઓ, ફ્રી–હોસ્પીટાલો, ફ્રી–વાંચનાલયો, વિગેરેમાં ખર્ચ્યું.

—અણમેળ લગ્ન, બાળ લગ્ન, ફરજીયાત વૈધવ્ય, પુનર્લગ્ન–પ્રતિબંધ, પ્રેત–ભોજન, રડવું–કૂટવું, રૂઢ જ્ઞાતિ–રિવાજો, ન્યાત–વાડા, ફીરકાઓ, વિગેરે સ્થળે વ્યાખ્યાનો, વર્તમાન–પત્રો, પીકેટીંગ દ્વારા પ્રચાર કરી, રૂઢી ચુસ્તોને જ્ઞાતિ પટેલીયાઓને હંફાવ્યા, રાજ્ય દ્વારા એ રિવાજો નાબુદ કર્યા; નવા બંધારણ ઘડયા ને નવલોહીઆ કાર્યવાહકો સ્થાપ્યા.

—સ્થળે સ્થળે "જુવાન–સંઘ"ની શાખાઓ ખોલી, ઉકત પ્રવૃત્તિઓમાં પ્રગતિ કરવા, યુવકોને જગાડયા, ને ઉશ્કેર્યા ને એકત્રિત કર્યા.

—એનું જીવન–સૂત્ર હતું. "**ક્રાન્તિ**" ઝીન્દાબાદ !

એટલે સહુ એને ઉછાંછળો (!) કહેતા !

ન્હોય કેટલાક એને **વિચારશીલ** પ્રગતિવાંચ્છુ કહેતા !

વાંચક, આ તે ઉછાંછળો કે વિચારશીલ ?

–ભાઇલાલ બાવીશી.

# સ્ત્રી સમાજનાં સળગતા પ્રશ્નો.

શ્રીમતી નલીની કોઠારી.

( કુમારી નલીની યૌવનનાં ઉંબરમાં પગ મુકતી એક હોંશીલી બાળા છે, કૌટુંબિક જીવનમાં દબાયેલી હોવા છતાં એ ખૂબ વિચારક અને ભવિષ્યમાં આશા આપતી મુગ્ધા છે, તેની નોંધપોથીનું સુધારા વધારા સાથેનું આ અવતરણ છે... ... ...તંત્રી)

**વિધવાઓનો પ્રશ્ન:**—આપણી સમાજમાં દિન-પ્રતિદિન વિધવાઓની સંખ્યા વધતી રહી છે, પુરૂષો સ્ત્રીઓને ફરજીઆત વૈધવ્ય પળાવે છે. એક વિધવાને બાર મહિનાનો ખુણો પળાવવામાં આવે છે. તે સ્હામી મળે અપશુકનીયાળ ગણાય, વિધવાઓને કયા અપરાધની આ શિક્ષા થાય છે તે સ્હમજાતું નથી, સ્ત્રીઓને ફરજીઆત વૈધવ્ય પાળવું પડતું હોય તો પુરૂષો તે નિયમથી શામાટે બાતલ છે ? ત્હેમણે પણ વિધુર જ રહેવું જોઇએ, સ્ત્રીની હજુ તો ચિતા જળતી હોય ત્યાં તો પુરૂષના ચાંલ્લા થાય છે. સાઠ વરસનો બુઢ્ઢો હોય, ઘરમાં દિકરી અને દિકરાની વહુ વિધવા હોય, છતાં ચૌદ પંદર વરસની બાળાનો ભવ બગાડવા એ ઘોડે ચડે છે, સમાજને તેમાં કશું અજુગતું લાગતું નથી. શુ આ ન્યાય યુક્ત છે ? વિધવાના જેઠ, સસરા કે કોઇ સંબંધી નિઃસહાય દશાનો લાભ લઇ છુપી રીતે અત્યાચાર આદરી ત્હેના યૌવન ધનને લુંટે, ખરાબ લાલસાને તૃપ્ત કરવા માટે આધીન થવાની ફરજ પાડે અને ત્હેના કડુ ફળ જ્યારે જાહેર આવે ત્યારે સમાજ વિધવાનેજ શામાટે અપરાધી ગણતો હશે. ખરા ગુન્હેગારોની સ્હામે આંખ મીંચામણાં કરી વિધવાને જ શામાટે દંડતો હશે ? શું આ વ્યાજબી છે ? આવી વિધવાઓને પીયરમાં કે સાસરીયામાં કોઇ સંઘરતું નથી, સમાજ પણ સંઘરવાની ના પાડે છે છેવટે ત્હેને કાંતો કુવો પૂરવો પડે છે, અથવા તો ધર્માંતર કરી કે વેશ્યાલયમાં પોતાનો જન્મારો પૂરો કરવો પડે છે. કેટલાક કેસોમાં તો છુપી રીતે બાળહત્યા કરવામાં આવે છે. આવા છુપા પાપો કરતાં ત્હેને પુનર્લગ્નની છુટ આપવી એ શું પુન્યનું કાર્ય નથી ? ખાસ કરીને વિધવાઓની વધતી જતી સંખ્યાને અટકાવવા માટે વૃધ્ધલગ્ન તો અટકાવવા જ જોઇએ.

**લાજ અને પડદાનો રિવાજ:**—ગુજરાત કરતાં કાઠીયાવાડ અને મારવાડમાં આ રિવાજ ખુબ પ્રચલિત છે, પુરૂષો સારા હોય યા ખરાબ પણ તેને છુટથી ફરવાનું હરવાનું હોય છે, જ્યારે સ્ત્રીઓને ગળા સુધી ઘૂમટો તાણી ત્હેનાં વ્યક્તિત્વને છુંદી નાંખવાનું શું પ્રયોજન હશે ? આ રિવાજથી અનેક સ્ટવ અકસ્માતો બને છે અને સ્ત્રીઓને જીવતાં બળી મરવું પડે છે, પણ પુરૂષોના પેટમાં પાણી પણ હાલતું નથી, શું સ્ત્રીઓના જીવનની કશી પણ કિંમત નથી ?

**સ્ત્રી કેળવણી:**—સ્ત્રી અને પુરૂષ સંસાર રથના બે ચક્રો છે એક ચક્રને સુધારવાનો પ્રયાસ થાય ત્યારે બીજા ચક્રને જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં રહેવા દે, છોકરાઓને ભણાવે ગણાવે, અને કન્યા બે ત્રણ ચોપડી ભણી કે પછી ત્હેને આગળ ભણવાનું બંધ. દલીલમાં કહેવામાં આવે કે કન્યાને ક્યાં કમાવા જવું છે ? છોકરો આવે તો રંગરાગ અને વધામણાં થાય છોકરી આવે તો કંઇ નહિ ? ગામડામાં તો કન્યાઓને બેત્રણ ચોપડીનું જ્ઞાન પણ આપવામાં આવતું નથી આ બાબત શું ઉચિત છે ? શિક્ષિત યુવાન અને અશિક્ષિત યુવતીનો સંસાર ચાલે જ કેમ ?

**રડવા કુટવાનો રિવાજ:**—આ રિવાજ ઘણો જ ખરાબ છે, કુટવાથી છાતીમાં દુખાવો અને ક્ષય રોગ લાગુ પડી જાય છે, આમ અકાળે યુવતિઓનાં યૌવન એળે જાય છે, આવા ઘાતકી રિવાજોને તિલાંજલી આપવી ઘટે.

**કઢંગા રિવાજો:**—ગામડાંની કેટલીક અભણ સ્ત્રીઓ છુંદણા છુંદાવે છે, દાંત રંગાવે છે, અને દાંતે સોનાની રેખો મૂકાવે છે, સુધરેલી શહેરી સ્ત્રીઓ નખ રંગે છે, હોઠ રંગે છે, નાક કાન વિગેરે વિંધાવે છે. હાથે પગે ગળામાં વિગેરે સ્થળે દાગીનાઓ પહેરે છે. કેટલીક સ્ત્રીઓને આ પરિસ્થિતિમાં ફરજીઆત મૂકાવું પડે છે. શું એ ઉચીત છે ? નાક સુંઘવા માટે અને કાન સાંભળવા માટે છે. કંઇ વિંધાવા માટે નથી, સ્ત્રીઓ નૈસર્ગિક સૌંદર્યથી જેટલી મધુર જણાય તેટલી દાગીનાથી જણાતી નથી, લગ્ન પ્રસંગે દોઢ હાથનો ઘૂમટો તાણી કેટલીક સ્ત્રીઓ એટલા અસ્લીલ ગીતો ગાય છે કે પાસે ઉભું રહેવું પણ ન ગમે, આવી સ્ત્રીઓ સભ્યતા અને વિનયથી વર્તે તો કેવું સારૂં ?

**બાળ ઉછેર:**—સ્ત્રીઓને બાળ ઉછેરનું જ્ઞાન આપવાની ખાસ આવશ્યકતા છે. કેટલીક સ્ત્રીઓને બાળ ઉછેરનું બિલકુલ જ્ઞાન હોતું નથી. બાળક પુરૂષ કરતાં સ્ત્રી પાસે વધારે રહે છે, જ્યારે પુરૂષો વ્યાપાર અર્થે આખો દિવસ બહાર રહે છે, ત્યારે માતાના ખોળામાં બાળક સ્વતંત્રતાથી ખેલે છે, માતા જો કેળવાયેલી હોય તો ત્હેના સંતાનમાં સારા સંસ્કારો પડે છે. બાળક કેટલીક વખત કોલસા માટી વિગેરે ખાય છે રેતમાં રમે છે; એ ઠીક નથી, બાળકને રમવા માટે એક સ્વચ્છ જગ્યાની સગવડ કરી આપવી જોઇએ ત્હેને સ્વચ્છ કપડાં પહેરાવી, ખુલ્લી હવા અને તડકો આવે ત્યાં રમવા દેવું જોઇએ. સ્વચ્છ રાખવાની ટેવ કેળવવી જોઇએ, પૌષ્ટિક ખોરાક આપવો. સવારે કસરત કરાવી, નવડાવી ધોવડાવી સ્વચ્છ કરી જમાડી નિશાળે મૂકવો જોઇએ. સાંજે જમીને ફરવા લઇ જવો અને જોવા જાણવા જેવી વસ્તુ બતાવવી કે જેથી ત્હેની બુધ્ધિ ખીલે. ઉપરોક્ત બાબતના અભાવથી ઘણાં બાળકો માયકાંગલા અને રડકણાં જોવામાં આવે છે, ગામડામાં ઘણી સ્ત્રીઓ બાળકને હાથે મોતી અથવા સાંકળાં પહેરાવે છે પગમાં કડલીઓ, નાંખે છે જેથી કુંમળા બાળકનું લોહી ફરી શકતું નથી. ઘણાં બાળકો સવારમાં ઉઠી રડવા માંડે છે, આખો દિવસ ખાખા કરે છે પરિણામે માંદા પડે છે. ઘણી સ્ત્રીઓને માંદાની માવજત કેમ કરવી ત્હેનું જ્ઞાન હોતું નથી, આમ બાળ ઉછેર અને માંદાની માવજતના જ્ઞાનની સ્ત્રીઓને અનિવાર્ય આવશ્યકતા છે.

**સ્ત્રી પુરૂષની સમાનતા:**—હિંદ સિવાય દરેક દેશોમાં જેવા કે, ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી વગેરે દેશોમાં સ્ત્રી પુરૂષની સમાનતા સ્વીકારાઇ છે ત્યારે અહિં સ્ત્રીઓને ઘરમાં ગોંધાઇ રહેવાનું

અને રસોઇ કરવાનું કાર્ય હોય છે, પુરૂષો કમાવા જાય છે આરીતે સ્ત્રીને આર્થિક પરાધીનતા ભોગવવી પડે છે અને તેનું કડું ફળ અસમાન વર્તાવ છે. પશુ અને પંખીઓ પણ સ્વતંત્રતા ઇચ્છે છે ત્યારે સ્ત્રીઓને સ્વતંત્રતા કેમ ન ગમે ? લગ્ન એ જીવનની અણુમોલ તક છે તેને માબાપો લાકડે માકડું વળગાડી અસમાનતા ઉત્પન્ન કરે છે, આથી ઘેર ઘેર હોળીઓ સળગે છે, અને સ્ત્રીઓના ભવીહાનો લેવાય છે, આ પરિસ્થિતિ ટાળવી ઘટે છે. પુરૂષોને કલબોમાં જવું જેમ ગમે છે તેમ સ્ત્રીઓને પણ તે ગમે છે પણ ભૂલે ચુકે કોઇ કલબમાં સ્ત્રી જાય તો પુરૂષો ટીકા કરવા મંડી જાય છે. સ્ત્રીઓને વકીલ, બેરીસ્ટર, ડોકટર, ન્યાયાધીશ અને યાવત્ રાજસૂત્રો પણ હાથમાં લેવાના કોડ છે. તેને એરોપ્લેનમાં ઉડવું છે અને ઇજીનીયરીંગ શીખવું છે. દુનીયા ઘુમી વળવાના એના આદર્શો છે. સ્ત્રી સમાનતા માંગે છે એ દયા દાન માટે નહિ પણ હકથી માંગે છે. પુરૂષોએ તેની સમાનતા સ્વીકારવીજ જોઇએ. આજે જમાનો પલટાયો છે. પતિને ઇશ્વર માનવાનો કાળ વહી ગયો છે, જેમ જેમ સ્ત્રીઓ કેળવાતી જશે તેમ તેમ ગુલામીની જડ નાબુદ થતી જશે, અને એક દિવસ એવો આવશે કે મને કે કમને ભાવે કે કભાવે પણ સ્ત્રીઓની સમાનતા સ્વીકારવીજ પડશે,

**બાળ લગ્ન:**—સ્ત્રીઓને નાની ઉંમરમાં પરણાવી દેવામાં આવે છે તેથી તેમની બુધ્ધિનો વિકાસ થતો નથી, અને નાની ઉંમરમાંજ પ્રસુતિનો ભોગ બને છે. તેની શારીરિક શકિત તેની સામે ટક્કર ઝીલી શકતી નથી તેમાંથી જો તે બચે તો તેનો બાંધો ખરાબ થઇ જાય છે, અને નિર્બળ સંતાન પેદા થાય છે, આજના બાળકો એ આવતી કાલના નાગરિકો છે. તે જો આવા નિર્બળ પેદા થાય તો સમાજ અને રાષ્ટ્રની પ્રગતિ કઇ રીતે કરી શકાશે ? જે પોતાનું ભલું ન કરી શકે તેની પાસેથી કઇ જાતની આશા રાખવી ? ૨૫ વરસનો યુવાન અને સોળ વરસની મુગ્ધાને લગ્ન માટે યોગ્ય માનવાં જોઇએ અને તેમના વિચારો જાણી સંમતિ લઇ પછી જ લગ્ન કરવું જોઇએ. ઘણા માબાપ પોતાના છોકરાઓને પૂછતાં પણ નથી, આપણે કોઇ ચીજ લેવા જઇએ તો બેચાર દુકાને જોઇ ભાવ પૂછી જ આપણે ખરીદ કરીશું ત્યારે આ તો જીવનનો સવાલ છે જેમ સ્ત્રીને પુરૂષની જરૂર છે તેમ પુરૂષને સ્ત્રીની જરૂર છે, એટલે બંનેના વિચાર જાણી પછી લગ્ન થાય તો તેમનો સંસાર સુખી નિવડે,

## સમાચાર.

દિલ્હીમાં મળેલી અખિલ હિંદ મહાસભા સમિતિએ હોદ્દા સ્વીકારવાનો નિર્ણય આપ્યો છે ને નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે.

"અખિલ હિંદ મહાસભા સમિતિ ધારાસભાઓમાં જે જે પ્રાંતોમાં મહાસભા બહુમતિ ધરાવતી હોય ત્યાં ત્યાં હોદ્દા સ્વીકાર કરવાની સત્તા અને રજા આપે છે. પણ તે એટલી સરતેકે ધારાસભાના મહાસભાવાદી પક્ષના નેતાને સંતોષ થાય અને તે જાહેરમાં એવું નિવેદન કરી શકે કે ગવર્નર તેમને મળેલી દખલગીરી કરવાની ખાસ સત્તાનો ઉપયોગ કરશે નહિ અથવા તો તેમની બંધારણીય પ્રવૃત્તિઓને લગતી પ્રધાનોની સલાહની અવગણના કરશે નહિ."

—બંગાળની સરકારે સુપ્રસિધ્ધ દેશભકત બાબુસુભાષચંદ્ર બોઝને બીનસરતી મુકતી આપી છે. શ્રી બોઝને રોજ ઝીણો ઝીણો તાવ આવે છે તેમનું વજન ઘટયું છે અને ડોકટરોએ તપાસી સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી છે.

—શ્રી નરીમાનને થયેલા અન્યાય સામે વિરોધ કરવા મુંબઇની જનતાની ચોપાટી ઉપર એક પ્રચંડ સભા મળી હતી અને તેમાં જુદા જુદા વકતાઓએ કાવતરાની ઝાટકણી કાઢી હતી. હજારો સહીઓ કરાવી એક ખરીતો રાષ્ટ્રપતિ ઉપર રવાના કર્યો છે.

—સ્પેન આંતરવિગ્રહથી ભડકે બળી રહ્યું છે સાત સાત મહિના થયા તેના ઉપર કુદરતનો કોપ ઉતરી રહ્યો છે, ચાર લાખ માણસની કતલ અને કરોડો પાઉંડના ધુમાડાની ગણત્રી થઇ ચુકી છે.

—સરહદ પ્રાંતમાં ફરી પાછી અશાંતિ આપી રહી છે. અને તોફાન પહેલાં જે અશાંત વાતાવરણ હતું તે પુનઃ પ્રગટયું છે. નવુ દિલ્હીના સમાચાર જણાવે છે કે સરકાર આ બાબતમાં પૂરતી ચોકસી રાખી રહી છે અને આ અશાંત વાતાવરણ તાત્કાલિક શાંત પડશે તેમજ ફરી અવ્યવસ્થા થવા દેશે નહિ.

—વડી ધારાસભામાં મહાસભાવાદી સભ્યો હાજર થતાં પાછો રસાકસીનો રંગ જામ્યો છે. શ્રી સત્યમૂર્તિ અને ભુલાભાઇની હાજરીથી વિરોધ પણ સબળ બન્યો છે.

—પંજાબના શેખપુરા સ્ટેશનથી જતી ચાલુ ટ્રેને બદમાસો સ્ત્રીઓના ડબ્બામાં દાખલ થયા હતા, અને તલ્વારની ધારે સ્ત્રીઓના દાગીના, ઝવેરાત, ને રોકડ રકમની લુંટ ચલાવી હતી, સાંકળ ખેંચતા ટ્રેન ઉભી રહી હતી પણ બધા નાસી છુટયા હતા. એક જણની ધરપકડ થઇ છે.

—હિંદ બ્રીટન વ્યાપારી કરારોને અંગે હવે સત્વર ચર્ચા શરૂ થશે એમ લાગે છે. બ્રીટીશ બોર્ડ ઓફ ટ્રેડે બીન સરકારી હીંદી સલાહકારોના પેનલ તરફથી યાદીમાં રજુ કરવામાં આવેલ મૂળગત સિધ્ધાંતોનો સામાન્યપણે સ્વીકાર કર્યો છે. બીનસરકારી સલાહકારોનુ મંડળ બ્રીટીશ જવાબપર વિચાર ચલાવવા માર્ચના પહેલા અઠવાડિએ મળશે અને રાજ્યાભિષેક બાદ હીંદી સલાહકારો હીંદી સરકારના નિષ્ણાતોની મદદ સાથે ઇંગ્લેંડ જવા રવાના થશે.

—જગવિખ્યાત અમેરિકન વિમાની કર્નલ લીંડબર્ગ અને તેમના પત્નિ હિંદમાં આવ્યાં છે, કરાંચીમાં અને મુંબઇમાં તેમનું સુંદર સ્વાગત થયું હતું.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાયજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.